ॐ

॥ श्रीप्रधान पुरूषेश्वरः ॥

નાસ્તિક
અને
આસ્તિક કોણ ?
- યા -
(ત્રૈતવેદાન્ત દર્શનની ભૂમિકા)

: પ્રવક્તા :

શ્રીમાન ૧૦૮ સ્વામી બ્રહ્માનંદજી મહારાજાર્ય

ત્રૈતવેદાન્તાચાર્ય

: પ્રકાશક :

બ્રહ્મચારી દયાનંદજી ચૈતન્ય કર્મયોગી

ઓંકાર આશ્રમ, (પાઠક શેરી)

મુ. ચાંદોદ જી. વડોદરા.

વિ. સં. ૨૦૧૯] પ્રત ૧૦૦૦ [સન્ ૧૯૬૩

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક :
બ્રહ્મચારી દયાનંદજી ચૈતન્ય કર્મયોગી
ઓંકાર આશ્રમ, (પાઠક શેરી)
મુ. ચાંદોદ : જી. વડોદરા

મુદ્રક :
ગોરધનભાઈ દોલાભાઈ અમીન
શ્રી વિદ્યાનંદ પ્રેસ
ગીતા મંદિર
અમદાવાદ.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

॥ प्रधान पुरुषेश्वरायनमः ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रीमत्परमहंस परिव्राजकाचार्य श्रोत्रिय ब्रह्मनिष्ठ योगीवर्य
शास्त्रार्थमहारथी ऋषिप्रणाली के प्रचारक पूज्यपाद
श्रीमान १०८ श्री स्वामी ब्रह्मानन्दजी महाराज
आर्य त्रैतवेदान्ताचार्य



जीवेश्वरौः प्रकृतिं च अजमव्यय शाश्वताः ।
त्रैतवेदान्त सिद्धान्तवेद शास्त्रेषु संमतम् ॥ १ ॥
वेद धर्म प्रचाराय पाखण्ड खण्डनाय च ।
त्रैतवेदान्तबोधाय ब्रह्मानन्दार्य जीवनम् ॥ २ ॥

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાક્ કથન

લેખક : સ્વામી બ્રહ્મનંદાર્ય ત્રૈતવેદાંતાચાર્ય

પૂજ્ય પરમાત્માની અમૃતમયી કલ્યાણ કારિણી પરમકૃપા પ્રેરણાથી આ વર્ષે ઉંઝા નગરમાં ચાતુર્માસ રહી ધર્મપ્રચાર કરતો હતો. ત્યારે મારા ઇષ્ટદેવ પરમગુરુ મહર્ષિ ભગવાન શ્રી કપિલ મહામુનિજીના જેમના પ્રાચીનતં સનાતન વૈદિક ધર્મને માનનારો હું ઋષિ પ્રણાલીનો પ્રચારક શિખાસૂત્રધારી સંન્યાસી છું. તો તેમના વેદોક્ત દાર્શનિક મત કે જે અજાતને સત્કાર્ય વાદના નામથી અથવા વૈદિક વેદાન્ત કે જે પ્રધાન પુરુષેશ્વરઃ ના સિદ્ધાતવાળો હોવાથી ત્રૈતવેદાન્ત નામથી પણ કહેવાય છે. એ મત હવે પ્રાચીન વેદાંતી ધર્મ ગ્રન્થોમાં જ યંત્રતત્ર હોવાથી ને એના પ્રચારકો હવે ન રહેવાથી આ પવીત્ર ધર્મ લોપ પ્રાયઃ થવાના લીધે મેં આ સીધ્ધાન્ત નો વિશાળ ગ્રંથ ત્રણ વરસો પહેલા ઘણાં જ ગ્રંથોમાંથી ખોળ તપાસને અનુસંધાન કરીને મોટા પરિશ્રમથી મેં લખી રાખેલો છે. પણ પૈસાની કમીના લીધે તે હજુ સુધી છાપી શકાયો નથી. જો કે આ ગ્રંથના માટે મારા થોડા ભક્તોએ એક હજાર રૂપિયા આપેલા છે. પરંતુ ચાલિસ ફરમાનો આ ગ્રંથ હોવાથી ને બે હજાર પુસ્તકો છપાવાની હોવાના લીધે તે તેટલા રૂપીયામાં પ્રકાશિત કરી સકૂં તેમ નથી. તો મેં એમ વિચાર કર્યો છે. કે જે ધર્માત્મા પુરુષ આ મારા દ્વારા લખેલો ત્રૈત વેદાન્ત દર્શન

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રન્થને છપાવવા જે આ વિદ્યા દાનનો મહાન પુણ્ય લેવા વિચાર કરતા હોય તેઓ મને લખી જણાવે તે મારો ઉક્ત ગ્રંથ હવે આના માટે મળેલા બધા રૂપીયા પણ તેઓને આપી દઈશ તથા હવે તેજ વિશાળ ગ્રંથની ભુમિકા રૂપે લખાયેલો આ લઘુતંમ ગ્રંથ કે જેને તમે હાલ વાંચી ને સાંભળી રહ્યા છો તો આ ગ્રંથ (નાસ્તિક અને આસ્તિક કોણ) નામનો ગ્રંથ પ્રભુ પ્રેરણાથી લખવામાં આવ્યો છે. માટે તે જ પૂજ્ય પ્રભુનૂં શરણ લઇ (યથા દેવે તથા ગુરુઃ) અનુસાર મારા પૂજ્ય પ્રાતઃ સ્મરણીય વિશ્વવન્દ્ય ઇષ્ટ ગુરુ મહર્ષિ શ્રીકપિલ મહામુનિજીના ચરણોમાં આ નાના સરખા ગ્રંથરૂપ દાર્શનિક સુમન ને તેમના જ ચરણોમાં હૂં સાદર સમર્પણ કરૂં છૂં. તથા આ ગ્રંથને છપાવા માટે જે અમારા સેવકો શ્રીમાન અંબાલાલ માધવદાસજી પટેલ તથા તેઓના ભાગીદાર પટેલ શ્રીમાન ..... નામ દેવાની મનાઇ છે. તે ઉંઝાનગરવાળા તથા શ્રી પ્રભુપ્રેમી શ્રી હીરાલક્ષ્મીબેન બ્રહ્મભટ મહેસાણા તથા શ્રીમતી શ્રી સુશીલાદેવીજી સરૈયા અમદાવાદવાળાએ આમા છપાવા માટે દ્રવ્યની ઉદાર મદદ કરેલી હોવાથી હૂં મારા એ ધર્મનિષ્ટ પુન્યાત્માઓને હાર્દિક ધન્યવાદ ને મારો મંગલમય આશિર્વાદ આપૂં છૂં. ઇશ્વર એ સર્વેને સુખી ને સમૃદ્ધ રાખો તથા હવે આપ સર્વે પરમ ઉદારચેતા વાચકવૃન્દ બંન્ધુઓને મારી નમ્ર વિનંતી છે. કે પોતપોતાના દયાળુ હૃદયથી પ્રેમપૂર્વક આ ગ્રંથનું વાંચન કરતાં વખતે પક્ષપાતનો ત્યાગ કરીને સત્યતાને પોતાના હૃદયમાં સ્થાન આપીને આ

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હ્યારા દાર્શનિક ગ્રંથના સિદ્ધાન્ત પર વિચાર કરશો તો હૂં આપનો ઘણોજ આભાર માનિસ તથા આ હ્યારા ગ્રંથ જેને જેને ધર્માદા છપાવી પ્રચાર કરવાની ઈચ્છા હોય તો ખુશીથી છપાવી સર્વેજનો પુન્ય, લાભ ને યશ મેળવી શકે છે મેં આ ગ્રંથ છપાવાનું સ્વહક્ક સર્વે સજ્જનોને આપૂ છૂં. તથા આ ગ્રંથમાં જે કોઇ ભૂલ કે અવિવેક યા મત તથા સિદ્ધાંતની દ્રષ્ટીએ કોઇ ભૂલ કે આપના કોઇના મતની સમિક્ષા કરવામાં અવિવેક કે લાગણી દુભાવેલી હોય તો તેની હૂં તમારા પાસે ક્ષમા ચાહૂં છૂં ને કહૂં છૂં કે વાણી અને વિચાર સ્વાતંત્રવડે પોતપોતાના મત સિદ્ધાંત પ્રચાર કરવાનો હક્ક સદા સર્વેના માટે હોવો જોઇએ કે નહી, જો તમે કહેશો કે ના તો તમે જ તમારા મત કે સિદ્ધાંતનો પછી કેમ પ્રચાર કરો છો. ને કહો કે હોવો જોઇએ તો તે માટે હૂં કહૂં છૂં કે મારા વિચારનો પ્રચાર કરવા દેવામાં તમોને પણ હરકત હોવી ન જોઇએ અને મારા વિચારના માટે જેને વિવાદ હોય તે અમારા કપિલ મત સતકાર્યવાદના વિરોધમાં લખી છપાવીને જવાબ આપી શકે છે.

॥ ૐ શાન્તિર્ભવતુ ॥

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાનું દેખાયું

સ્વામી બ્રહ્માનંદજી આર્ય

ઠે. પાઠક શેરી

મુ. પો. ચાંદોદ * જી. વડોદરા

રમણલાલ મોતીલાલ સરૈયા

ઠે. ઢાલની પોળમાં, આશાપુરીની પોળ,

અમદાવાદ.

સંવત ૨૦૧૯ સને ૧૯૬૩

મૂલ્ય ૦૦/રૂપ ન. પૈસા.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

નાસ્તિક અને આસ્તિક કોણ ?

પ્રશ્ન :–ભગવન્ હવે આપ એ બતાવાની કૃપા કરો કે નાસ્તિક કોને કહેવાય ? અને આસ્તિક કોને કહેવાય ?

ઉત્તર :–ઠીક ત્યારે સાંભળો. નાસ્તિક તેજ માણસ કહેવાય કે, (નાસ્તિકો વેદનિન્દક) જે વેદના સિદ્ધાન્તને માનતો નથી અથવા જે અસ્તિ અથવા અસ્તિત્વ કે ભાવરૂપ તત્ત્વને જાણતો નથી ને માનતો પણ નથી અને આસ્તિક તેને કહેવાય જે અસ્તિ અથવા અસ્તિત્વ ને જાણતો હોય અને માનતો હોય. કેમકે અસ્ભુવિધાતુ વડે અસ્તિ અને આસ્તિક શબ્દ બંનેલા છે.

પ્રશ્ન :–અસ્તિત્ત્વ અથવા ભાવવાન પદાર્થ નિત્ય હોય છે કે અનિત્ય તથા કાળગત હોય છે કે કાળાતીત અને તે સત્ય હોય છે કે અસત્ય ?

ઉત્તર :–જુઓ ભાવ કહો કે સત્ય કહો અથવા તત્ત્વ કહો. આ બધા પર્યાય વાચી શબ્દો છે. એકાર્થ બોધક છે. અને જે ભાવ અથવા સત્ય હોય છે તે જ નિત્ય કાળાતીત હોય છે. જેવી રીતે કહ્યું છે કે (त्रिकाला बाध्यत्वम् सत्यत्वम्) અર્થાત્, ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળોમાં જે બંધાતો નથી તેજ કાળથી રહિત સત્ય યા નિત્ય ભાવવાન પદાર્થ કહેવાય છે. જેમ કે ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, (नासतो विद्यते भावो ना भावो विद्यते सतः। उभयोरपि दृष्टोन्तस् त्वनयोस्तत्त्व दर्शिभिः) અર્થાત્ તત્વદર્શિ આચાર્યો વડે એ જાણી લેવાયું છે કે જે ભાવવા પદાર્થ છે તેનો કદી નાશ થતો નથી અને જે અભાવરૂપ પદાર્થ છે તેનો કદી કોઇપણ કાળમાં વિદ્યમાતનાકે (સ્થિતિ) હોતી નથી કે જોવાતી નથી. આ બેઉના રહસ્યને તત્વદર્શિ પુરુષો હંમેશાં સારી રીતે જાણે છે. એ જ માટે જે ભાવવાન પદાર્થ છે તેનો કદી કોઈ કાળમાં અભાવ હોતો નથી અને જે અભાવવાન પદાર્થ છે તે કોઇ પણ કાળમાં રહેતો નથી. એટલે કે પદાર્થ બેજ કોટીના કહેવાય છે. યાતો તે ભાવવાન જ હશે કે પછી અભાવવાન જ હશે. આ બે કરતાં ત્રીજી કોટીના તત્વ અથવા પદાર્થ હોઇ શકે જ નહિ.

પ્રશ્ન :–સૂં ભાવવાન્ અને અભાવવાન એવા બે કોટીના જ કે બે ભેદોવાળા જ તત્વ પરાર્થ હોય છે. સૂં ભાવાભાવથી રહિત આવો ત્રીજો ધર્મવાળો પદાર્થ સૂં હોતો નથી ?

ઉત્તર :–નહિ કદી નહિ.

પ્રશ્ન :–કેમ નહિ ?

ઉત્તર :–એટલા માટે કે એવા ત્રીજા પ્રકારના ભાવાભાવથી રહિત ધર્મવાળો પદાર્થ અને તેનાથી થયેલું કોઇ

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કાર્ય અહીં પ્રત્યક્ષ જોવામાં આવતું નથી તે માટે તે તર્ક કે બુદ્ધિને શાસ્ત્ર વિરુદ્ધ પણ હોવાથી અમાન્ય અને ત્યાજ્ય જ કહેવાય. જેમ કે કોઇ પણ પદાર્થ આ સંસારમાં યા. તો નિત્ય જ હશે, અથવા અનિત્ય જ કહેવાશે. ને યા વિધ્યમાન હશે કે પછી અવિધ્યમાન થયેલો જ હશે ને રૂપવાન હશે કે રૂપ રહિત હશે. દશ્ય હશે કે પછી અદશ્ય જ હશે એ બે કોટી કરતાં ત્રીજી કોટી કોઇ પદાર્થની હોઈ શકતીજ નથી. યા એમ સમજો કે ત્રીજી કોટીના પદાર્થ થઈ શકતાજ નથી, પરંતુ તમે કહી શકો છો અને બતાવી શકો છો કે કોઈ માણસ મરેલો છે ને તેજ જીવતો પણ છે ને ઘોડો છે ને ગધેડો પણ છે તથા દશ્ય છે ને અદશ્ય પણ છે આવા યુગપદ્ વિરુદ્ધ ધર્મવાળા કોઈ પણ પદાર્થ કહીં હોય ખરા કે ? કદી પણ નહિ. અર્થાત જેમકે સૂર્યમાં એકી સાથે અંધકાર ને પ્રકાશ રહિ શકતાં નથી અને બ્રહ્માત્મતત્ત્વ ચત્યન્ય અને જડ ધર્મવાળો કદી દેખાતો નથી કે હોઈ શકતો નથી. ને પૃથ્વીના અંદર ગુરુત્વાકર્ષણ ને ઉર્ધ્વા કર્ષણઆ વિરુધ્વ ધર્મ જેમ એકી સાથે રહી શકતા નથી તેવી રીતે વિરુદ્ધ ધર્મોથી સંયુકત કોઇ પણ ધર્મી સ્વભાવસિદ્ધ વિરુદ્ધ ધર્મોવાળો થઇ શકતો નથી કે જોવામાં આવી શકતો નથી કેમકે આવા નિયમ સૃષ્ટિ વિરુદ્ધ ને બુદ્ધિ વિરુદ્ધ પણ છે તો શાસ્ત્ર સંમતતો હોયજ કેમ

પ્રશ્ન :—જોકે જૈનો બૌદ્ધો અને અદ્વૈતવાદી મહાનુભાવો તો એવા જ ત્રીજા કોટીના ભાવાભાવ કે સત્યાસત્યથી રહિત

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિરુદ્ધ ધર્મવાળા ત્રીજા કોટીનાજ પદાર્થને માને છે એના માટે તમે શું જવાબ આપો છો ?

ઉત્તર :–મહાશયજી, એવા માનવાવાળા લોકો ફક્ત કહ્યા જ કરે છે પરંતુ વિરુદ્ધ ધર્મવાળા એકપણ પદાર્થને તે બતાવી શકતા નથી.

પ્રશ્ન :–અદ્વૈતવાદી મહાનુભાવો આ વિષયમાં એમ કહે છે કે અમે લોકો તો માયા પ્રકૃતિ ને ભાવરૂપ પણ માનતા નથી, કે અભાવરૂપ પણ માનતા નથી અને સદ્રૂપ પણ માનતા નથી કે અસદ્રૂપ પણ માનતા નથી કેમકે જો માયાને સદ્રૂપ માની એ તો તે તેનું કાર્ય આ જગતનો કદી નાશજ થાય નહિ અને જો અસદ્રૂપ માયાને માનીએ તો આ જગત રૂપ કાર્યની ઉત્પત્તિ થાય નહિ માટે અમે આ માયાને અદ્વૈતવાદિયો તે માયાને સદ્રૂપા પણ માનતા નથી ને અસદ્રૂપા પણ માનતા નથી કિન્તુ સદ્ અને અસદ્થી વિલક્ષણ અને ભાવ અને અભાવથી વિરૂદ્ધ અનિર્વચનિયાજ તે માયાને અમે માનીએ છીએ (संनापिभिन्नाउभयात्मकाया) ઈત્યાદી પ્રમાણો વડે અમે માયાનેસદ્ અસદ્થી વિલક્ષણ અને વિરૂદ્ધ ધર્મવાળા જ અમે માયાને માની એ છીએ આજ રીતે આ લોકોનું માનવૂ છે તો આવિષયમાં તમારો શૂં જવાબ છે ?

ઉત્તર :–આ રીતે માયાના વિષયમાં અદ્વૈતવાદીઓનું માનવું અને કહેવું તદ્દન ભોળપણથી ભરેલું છે અને શાસ્ત્ર વિરૂદ્ધ પણ છે.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્ન :-કેમ કેવી રીતે તે અમને સમજાવીને કહો ?

ઉત્તરઃ-પ્રથમ તો એ લોકો આ માયાને ભાવરૂપ માનીને અને સદ્રૂપ માનીને તેના વડે જગતની ઉત્પત્તિ પણ માને છે અને ફરી એ માયાને અસદ્ અને અભાવરૂપ કહીને તેના અને તેના કાર્યનો અભાવ પણ માને છે. આ કેવી પરસ્પર વિરૂદ્ધ અને વિરક્ષણ વાતો આવી વાત કોઈ ડાહ્યા માણસના આગળ મૂકવામાં આવે તો આવી વાતને હસી કાઢવા જેવુંજ થાય ને ? કેમકે સત્તત્વનું કાર્ય સત્યજ હોય. એટલે કે ખરી માટીશી ખરોજ ઘડો થાય. કંઈ ખોટો ઘડો થાય નહિ અને જો કલ્પિત જાદૂ જેવૂં હોય તેમાંથી સદ્ કાર્ય રૂપ સાચો ઘડો ઉત્પન્ન થઇ શકેજ નહિ. તે આપણે પ્રત્યક્ષ આ સંસારમાં જોવામાં આવે છે. અને અભાવથી કદી ભાવ ઉત્પન્ન થતો નથી તે સતમાંથી અસત્ ઉત્પન્ન થતું નથી. તેમ ભાવરૂપ પ્રકૃતિમાંથી (માયામાંથી) અભાવરૂપ જગત થઈ શકતૂં નથી પરંતુ ભાવ અને સદ્રૂપજ તેનું કાર્ય જગત કહેવાય તે કદી મિથ્યા નથી પરંતુ તેને શાસ્ત્રો નિત્યા નિત્ય રૂપથી જરૂર કહે છે. પણ મિથ્યા તો માયાને કે તેના જગતને કોઈ પણ વેદ ઉપનિષદોને દર્શન ગ્રંથો અથવા ભગવદ્ગીતામાં પણ માયા કે તેના જગતને મિથ્યા કહેલૂં નથી. અને જો એ લોકો માયાને અનિર્વચનીયા કહે છે તે પણ ખોટું છે. કેમકે કોઈ પણ પદાર્થનું ઉચ્ચારણ કંઠ તાલવાદિના પ્રયત્ન પૂર્વક જિહ્વાથી ત્યારેજ ઉચ્ચારણ થાય કે જ્યારે તે પદાર્થને ભાવરૂપથી સ્વીકારવામાં આવે તે પહેલા તે પદાર્થનું નામ લેવામાં આવે. અને જ્યારે તે

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માયાને માયા માયા કહેતા પણ જાય છે અને તેને અનિર વચનિયા પણ કહે છે તો તે એ લોકોનું એમ કહેવું તે બુદ્ધિથી સર્વથા વિરુત્ત છે. અને માયા અનિરવચનિયા છે, અને સદ્ અસદ્થી વિલક્ષણ છે, એના માટે પણ પ્રાચીન આર્ષ ગ્રંથોમાં એક પણ પ્રમાણ નથી તો માયાને મિથ્યા કહેવું તે શાસ્ત્ર વિરૂદ્ધ છે. કેમકે વેદમાં માયાને (स्वधा माया प्रकृत्ति) ઋગ્વેદમાં કહેલું છે. અર્થાત વેદમાં માયા પ્રકૃતિને સ્વધા નામથી એટલેજ કહ્યું છે કે તે અજા પણ છે. અને જે અજા હોય અથવા અનન્મા હોય તેજ અમૃતા થઇ શકે માટેજ માયાને અજાપણ કહેલું છે. જેમકે (अजामेकां लोहितं शुक्लकृष्णा) સ્વે૦ ઉ૦ તથા ઋગ્વેદમાં જ્યાં પ્રલયનું વર્ણન આવ્યું છે તે નાસદિય શુક્તમાં કહેલું છે કે (तंम आसी त्तमगुढमग्रे) અર્થાત સૃષ્ટિના આદીકાળમાં પ્રલયના ગહન અંધકારમાં તમધર્મા પ્રકૃત્તિ અથવા માયા વિધ્યમાન રહેલી હતી. આ વેદના પ્રમાણથી પણ એ સિદ્ધ થઇ જાય છે કે માયા એ નાશવાન પદાર્થ નથી. તો તેને મિથ્યાજ કેમ કહેવાય. અને જ્યારે માયા મિથ્યાજ નથી ત્યારે તે સત્યજ છે. અને જે સત્ય હોય તે અસત્ય નથી અને જે અસત્ય નથી તો તે તેનાથી વિલક્ષણ અનિરવચનિયા તો હોયજ કેમ માટે માયા ભાવરૂપા ને સદ્રૂપા હોવાથી તેને ભાવરૂપ સદ્પદાર્થ માનવૂ જોઇએ. નહિ તો બ્રહ્માત્મ તત્વ પણ જે અજ અને અમૃત-રૂપ કહેવાય છે તેને પણ અદ્વૈતવાદી કેમ અનિવર્ચનિય કહેતા નથી ? કેમકે તમે લોકો (અદ્વૈતવાદીઓ) (षड् अस्माकं

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अना द्यय) આ ગૌડ પાદીયકારિકાના મતથી તમારા મતમાં તો આવી રીતે જ્યારે આત્મા પરમાત્મા પ્રકૃત્તિ અને આ ત્રણોના ત્રિવિધ સબંધ જ્યારે અનાદિ છે તો એક માયાનેજ નાશવાન અનિત્ય કેમ તમે માની લો છો ? અને આત્મા પરમાત્માને પછી કેમ સાદી અથવા નાશવાન નથી માનતા ? કેમકે અનાદિ હોવાને લીધેજ આ બધા અનંત પણ છે કેમકે જે આદિ હશે તે અંત રહિત પણ હશે જે અદિમાં નથી તે અંતવાળો પણ નહી થઇ શકે જુઓ તમારા દાદા ગુરુ શ્રી ગોડપાદજી કહે છે (आदावन्ते च यन्नास्ति वर्तमानेपि तद् तथा) ગૌ૦ માં૦ કા૦ અર્થાત્ આ કારિકાનું આશય એ છે કે જે પદાર્થ આદિમાં હોતો નથી તે અંતમા પણ હોતો નથી અને તેવીજ રીતે તે મધ્યમાં પણ હોતો નથી અર્થાત્ જો હોય તો તે મધ્યમાં કલ્પિત રીતેજ હોય આ કહેવાનો આશય એ છે કે ગુરુ ગોડપાદજી પોતેજ માની લે છે નિત્ય સત્ પદાર્થ જે આદિમાં હોય છે તે અંતમાં પણ હોય છે અને તે મધ્યમાં પણ હોય છે પણ જે સત્યજ નથી તે આદિ મધ્ય કે અંતમાં પણ હોતો નથી પરંતુ જ્યારે અદ્વૈતવાદિઓના પરમગુરુ જ જ્યારે બ્રહ્માત્મ ની સાથે સાથે માયા (પ્રકૃતિ) ને પણ અનાદિ સ્વીકારી લે છે ત્યાર પછી એમને તે માયાથી ઇન્કાર કરવાનો શૂં અધિકાર છે ? કે જ્યારે પોતેજ જેને આદિવાળો કહે છે તેને અંત-વાળો કહે છે અને આદિમાં હોતો નથી તે અંતમાં પણ હોતો નથી અને મધ્યમાં પણ હોતો નથી આવા સ્પષ્ટ શબ્દો હોવા છતાં પણ અમોને સમજાતૂં નથી કે આવા પ્રસિદ્ધ

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અદ્વૈતવાદી મહાપુરૂષો કેમ માયાને આદિ કહીને શાંત કહે છે તે અમોને સમજાતું નથી. એ તો મને આય ક્ષમા કરશો પણ કહેવું પડે છે કે એમની પરસ્પર વિરુદ્ધ વાતો હોવાથી કે પોતે પ્રતિજ્ઞા હાનિ કરે છે અને હવે રહી એ જૈન બૌદ્ધોના આવા મંતવ્યની વાત તો જૈનોનો મતનો (સ્યાદ્વાદ) હોવાથી તે લોકો (**स्याद्नास्ति स्याद अस्ति-नास्तिवा**) સ્યાદવાદ મંજરીના આ વચનો છે ને આવી રીતે જેમનો મત અથવા સિદ્ધાંત સ્યાદવાદથી અથવા અનિશ્ચિત વાદથી એટલે કે શંકાઓથી ભરેલું હોય તે મતનું પ્રમાણ પછી સામાવાળા પક્ષને તો માનવાની વાત જ દૂર રહી પરંતુ ઉપહાસ પાત્ર જ આવા મત ગણાય. તથા માયાને અથવા પ્રકૃતિને એ લોકો પણ (પુદ્ગલ) રૂપ તો માને છે જ. પછી એમનાથી વધારે આ વિષયમાં પ્રમાણની જરૂરિયાત રહેતી નથી. કેમકે માયાને તો માની જ લે છે. તથા બાકી રહ્યા આ વિષયમાં બૌદ્ધોના વિચાર તો એ લોકોના મત પણ (**सर्वं क्षणिकं सर्वं मनित्यम्**) નો આવો મત આ બૌદ્ધોનો છે. પણ જેને ક્ષણિક કહે છે. અને જેને સર્વમૂ કહીને નિર્દેશ કરીને કહે છે તેનો તો સ્વીકાર તેમના શબ્દો વડે જ પોતે થઈ જાય છે. તો પછી તે લોકો પછી ભલેને તે માયામય પદાર્થો ને ક્ષણિક અને અનિત્ય કહે અથવા શૂન્ય કહે એ એમના મત અને મરજીની વાત છે. પરંતુ કોઇ પણ ભાવરૂપ અથવા અભાવ-રૂપ પદાર્થોનૂં પહેલા જો સ્વીકાર ન થાય તો તે ભાવવાન સાથે મળતા એક ક્ષણ તો લાગે જ ને, અને પછી સંયોગનો

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એક ક્ષણ તો થશે જ. તથા તેનાથી વિયોગ અથવા છૂટવા માટે પણ એક ક્ષણ તો જોઇએ જ તો હવે આપણે આ બૌદ્ધ લોકોથી જ પૂછીએ કે તમે જ કહો કે બે પદાર્થોના સંયોગ થતા જ એક ક્ષણ અને વિયોગ થતા બીજો ક્ષણ થશે અને સ્થિતિ તે બેઉના સંઘાતનો પણ ત્રીજો ક્ષણ થઈ જાય છે. તો હવે એમના મતથી પણ જ્યારે વિચાર કરવામાં આવ્યો તો કોઈ પણ પદાર્થનો ટાઇમ અથવા સમય એક ક્ષણ હવે નિશ્ચિત રહ્યો નહિ પણ ઓછામાં ઓછા ત્રણ ક્ષણ તો માનવાજ પડે. અને જ્યારે એક ક્ષણની જગ્યાએ ત્રણ ક્ષણ થઇ ગયા તો હવે એમના કહેવા પ્રમાણે સર્વે પદાર્થો ક્ષણ ભંગુર છે એટલે કે એક ક્ષણમાં નાશ થનારા છે. આ વાત ખોટી પડી ગઇ કે સર્વે પદાર્થો ક્ષણ ભંગુર છે એમ માનવું તે ભૂલ ભરેલું છે. માટે એમની આ ક્ષણ ભંગુરતાની વાત વિચાર કોટીમાં તોલવાથી અશુદ્ધ સિદ્ધ થાય છે તે એમની પ્રતિજ્ઞાહાની નિગ્રહસ્થાન ઉપર આવી તે પોતે જ પોતાની વાતથી હારી જાય છે. માટે આ વાત અગ્રાહ્ય અને ત્યાજ્ય જ માનવી તથા કોઈ પણ ભાવવાન પદાર્થ ક્ષણિક અને મિથ્યા તથા સર્વથા શૂન્ય થઇ શકતો જ નથી. અને શૂન્યને કહેનારો કે માનનારો પણ શૂન્ય થઈ શકતો નથી. કેમકે શૂન્યને જાણનારો શૂન્ય કદી હોતો નથી. કેમકે શૂન્ય કહેનારો માણસ પોતાનો ભાવરૂપ અસ્તિત્વ પહેલા સ્વીકાર કરે છે. અને તે પછી જ બીજાનો સ્વીકાર કરે છે. અને તે પછી જ સામવાળા પદાર્થને ક્ષણિક મિથ્યા તથા શૂન્ય કહે છે.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ જરા આપણે શૂન્યની ઉપર વિચાર કરિયે તો શૂન્ય કે જેને બિન્દુ કે મીંડુ કહેવામાં કે લખવામા આવે છે તો તેનો પણ કાંઇ આકારતો હોય છે જ ને ? નહિ તો તે મીંડુ કાગળ પર લખી શકાયજ કેમ. અને જો લખાય જ નહિ તો જોવાય જ કેમ અને જ્યારે જોવામાં જ ન આવે એટલે કે ઇન્દ્રિયગ્રાહ્ય જો તે મીંડુ ન હોય તો તે મીંડાનું જ્ઞાન અથવા કહેવા માત્રથી તે મીંડુ કોઇના પણ દિમાગમાં રહી શકે જ કેમ. આ વાતથી પણ આપણને એ નિશ્ચય પર આવવું પડે છે કે કોઇ પણ ભાવ રૂપ પદાર્થનું સર્વથા અભાવ શુક્ષ્મતા કે શૂન્યતા થઈ શકતીજ નથી. અથવા કે પ્રલય થઈ શકતો નથી અથવા પહેલા કાઇપણ પદાર્થની પ્રાગ્‌ભાવથી પણ શૂન્યતા માની શકાશે નહિ. યદી એમ માની લેવાશે તો જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય આ ત્રિપુટીનો અસ્તિત્વ પણ રહેશે નહિ. પણ બૌદ્ધોના મતમાં તો વિજ્ઞાતા અને તેનો વિજ્ઞાન માત્રનો સ્વીકાર કરેલો છે. પણ પદાર્થોનો નહીં તો આ વાત સર્વથા ખોટી છે. કેમકે જ્ઞાતાનું જે વિજ્ઞાન છે તે કેવળ વિજ્ઞાન માત્ર નથી પણ તેના દિમાગમાં જે વિજ્ઞાન છે તે પ્રાણી પદાર્થાત્મક જ વિજ્ઞાન રહેલું છે. નહીં કે કેવળ વિજ્ઞાન માત્ર જ. કેમકે જ્ઞાન જ્ઞાતાના શરીરથી બહાર સંસારમાં રહેલો હોતો નથી તેતો ઘટ, પટ, ને મટ આદી સંસારના અંદરના જોયેલા જાણેલા ને અનુભવેલા પદાર્થોનો જ પદાર્થ વિષયક જ્ઞાન જ દિમાકમાં રાખવામાં આવે છે. તો તમે જ કહો કે પદાર્થોની શૂન્યતા સંસારમાં કેમ માની શકાય ને દિમાગથી પણ અસ્વિકાર કેમ થાય

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને યદી જો નહીં તો, તે સર્વે પદાર્થો ને સર્વથા વિજ્ઞાન માત્ર જ છે, ને સર્વે શૂન્ય જ છે, ને ક્ષણિક જ છે, ને મિથ્યા જ છે. આવી રીતે કહેવું ને માનવું તે આ શૂં એ બૌદ્ધોની મોટી ભૂલ ભરેલી વાત નથી ? અહી સુધી અમે ભાવરૂપ પદાર્થોનો વિચાર કરી ગયા છિએ અને ઉપરોક્ત વાતોથી એ વાત હવે સિદ્ધ થઇ ગઇ છે કે કોઇ પણ પદાર્થનો યા તો ભાવ હશે યાતો અભાવ જ હશે. પણ ભાવાભાવ રહિત કે અનિવર્ચનિય અથવા સદ્ અસદ્થી વિલક્ષણ કોઈ પણ પદાર્થ હોતો જ નથી. તે હવે આ લેખથી સિદ્ધ થઇ ગયૂં છે.

પ્રશ્ન :–તો શૂં આ વિષયમાં એમ જ અમારે સમજવાનૂં હવે રહ્યું ને ? કે કોઇ પણ પદાર્થ એજ પ્રકારનૂં જ હોઈ શકે કે જે યાતો ભાવવાન યાતો અભાવવાન જ હોય પણ સદ્ અસદ્થી વિલક્ષણ અનિર્વચનિય હોઇ શકતો જ નથી એમ જ ને ?

ઉત્તર :–હા તમો આ વિષયમાં હવે ઠીક સમજી રહ્યા છો. એમ જ જાણવૂ ને માનવૂ જોઇએ.

પ્રશ્ન :–ભગવન્ ? હવે આપ અમોને આ વિષયમાં એ બતાવાની કૃપા કરો કે ભાવવાન પદાર્થ એક છે અથવા અનેક અને તે નિત્ય છે કે અનિત્ય, ને તે ચૈતન્ય છે કે જડ ?

ઉત્તર :–હા સાંભળો તે અસ્તિત્વ ધરાવનારા ભાવવાન સદ્ પદાર્થ એક નથી પણ અનેક છે. તેમાંથી એક જડ

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાન શૂન્ય અને બીજા બે ચૈતન્ય જ્ઞાનરૂપ છે. તે આ ત્રણે સદા સર્વદા નિત્ય જ છે.

પ્રશ્ન :–નિત્ય કેમ ? શા માટે ?

ઉત્તર :–એટલે કે તે અનિત્ય નથી, શાસ્વત સનાતન છે.

પ્રશ્ન :–તો આ ત્રણેને શાસ્વત યા સનાતન કેમ કહ્યા છે?

ઉત્તર :–એટલે જ કે આ ત્રણે કદી કોઇથી કોઇ પણ મૂળ સ્વરૂપથી ઉત્પન્ન થયેલાં નથી માટે જ અજ અવિનાશી કહેવાય છે. પણ વિનાશી તો ત્યારે જ કહેવાય છે. કે જ્યારે તે આ બધા જાયમાન જનમવાળા કહેવાય પણ આવૂ કાંઇ આ ત્રણેના માટે લાગૂ પડતું નથી. માટે જ એ ત્રણેને અજ અવિનાશી ને શાસ્વત તમારે સમજવું જોઇએ.

પ્રશ્ન :–આપ આ ત્રણેને આવી રીતે અમોને હવે સમજાવી આપો કે જેને અમે બધા આસ્તિક, નાસ્તિક, સમજીએને સ્વીકાર કરી શકીએ ?

ઉત્તર :–સારૂ ત્યારે સાંભળો આ સંસારમાં કોઇ પણ માણસ કે તે પછી ભલેને વિદ્વાન્ હોય અથવા અવિદ્વાન્ ને નાસ્તિક હોય કે આસ્તિક પણ તે આટલું તો સમજે છે જ કે આ દુનિયામાં એક પદાર્થ એવો દેખાય છે કે જેને અમે બધા તેને ઉપયોગ અને ઉપભોગમાં લઇએ છીએ, અને એક પદાર્થ અથવા તત્ત્વ એવો પણ જોવામાં

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતરૂપે કે પ્રાણી પદાર્થના રૂપમાં પ્રકૃતીની ફક્ત રચના જ કરેલી છે એમજને ?

ઉત્તરઃ–હાં હવે તમો આ વિષયમાં મારા કહેવાના આશય ને ઠીક ઠીક સમજી ગયા છો.

પ્રશ્નઃ–માયા કે જેને તમે પ્રકૃતિ તત્વ કહો છો તેને કેટલાક વિદ્વાન લોકો એમ કહે છે કે માયાતો કોઈ સ્વતંત્ર દ્રવ્ય કે ભાવરૂપ તત્વ નથી પરંતુ તેતો બ્રહ્મની એક શકિત વિષેશ છે તો આવું એમનૂ માનવું તે ઠીક છે કે નહીં ?

ઉત્તરઃ–નહી, કેમકે જો માયા ને કેવળ કોઇની શકિતજ માનવામાં આવશે તો તેને આશ્રયદાતા તે શક્તિનો શાક્ત બીજોજ માનવો પડશે, માટે માયા ને કોઈની શક્તિ માનવી તે આવો વિચાર યુક્તિ યુક્ત નથી. અને શક્તિ કહો, ગુણ કહો, ધર્મ કહો તે એકાર્થ બોધક છે, અને તે શક્તિ, ગુણધર્મ પોતે સ્વતંત્ર કાર્ય કરી શકતા નથી અને ગુણમાંથી ગુણ ને શક્તિમાંથી બીજી શક્તિ થતી નથી ને ધર્મમાંથી ધર્મ બીજો નીકળી શકતો નથી. પણ એક શાકત કે ધર્મિ કહો કે તત્વ કહો અથવા દ્રવ્ય સમજો તે દ્રવ્યાશ્રયી અનેક ગુણો હોય છે પણ એક ગુણમાંથી બીજો ગુણ નીકળી શકતો નથી એટલે કે સર્વે ગુણો દ્રવ્યાશ્રયી હોય છે ને સર્વે શક્તિઓ એકજ શાક્તમાં કે દ્રવ્યગત હોય છે તથા કોઈ પણ દ્રવ્યમાં કે પદાર્થમાં કે શાક્તમાં રહેલી શક્તિઓ કે ગુણો ને ધર્મો તેના સાનુકૂલ

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે. ને સર્વતો રક્ષક અને સહાયક હોય છે પણ તેને પ્રતિકૂળ બાધક છેદક કે વ્યવધાન કરનારા કદી પણ તેના સ્વાભવિક સ્વગુણ કે શક્તિઓ હોતી નથી. તો આ દાર્શનિક ફિલસુફીની વાત તમારે ધ્યાનમાં રાખવી જરૂરી છે અને હવે તમો વિચાર કરો કે માયાને આપણે કોઇ સ્વતંત્ર ભાવરૂપ દ્રવ્ય કે તત્વ જો ન માનીએ તો તે પ્રકૃતિ તત્વને એ લોકોના કહ્યા પ્રમાણે માયાને એક શક્તિ વિશેષ અથવા ગુણ વિશેષ અથવા ધર્મ વિષેશ જ માનવૂં પડશે અને જો એમ થશે તો ગુણમાંથી ગુણ શક્તિ અને ધર્મમાંથી ધર્મ નીકળતો જોવામાં આવતો નથી તો હવે અમારો પ્રશ્ન આ લોકોથી એ છે કે જો તમે પ્રકૃતિ ને દ્રવ્ય ન માનીને કેવળ ગુણ જ માનો તો તેના ગુણી કે દ્રવ્ય બ્રહ્મજ થશે. અને જે દ્રવ્યના જેવા ગુણ હોય છે તે દ્રવ્ય પણ પોતે તેવોજ હોય છે.

જેમકે અગ્નિ તત્વના ગુણો ઉષ્ણત્વ, દાહકત્વ પ્રકાશ તત્વ ધર્મવાલો છે, તો તે દ્રવ્ય પણ તેવોજ છે એટલે કે ધર્મથી ધર્મિનું જ્ઞાન થાય છે કે તેવો છે.

તો શૂં આ પ્રકૃતિ કે માયા ને આ માયા ને આ માયામય જગત કે જે જડત્વ, શૂન્યત્વ, અજ્ઞાનત્વ, પરિ-છિન્નત્વ પરિણામત્વ તથા દુખરૂપ ધર્મવાળી આ માયા શક્તિ બ્રહ્મની જ કહેવાય કે અને જો તમો કહેશો કે હા તો મારે કહેવું પડશે અને પૂછવું પડશે કે શું બ્રહ્મને તમે આવાજ ગુણધર્મ સ્વરૂપવાળા અને સ્વભાવવાળા માનો છો કે ?

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને યદી નહીં તો કેમ નહીં તેનો જવાબ આપો. શું ધર્મ ધર્મીનું સમવાય સંબંધ હોતો નથી? પણ હોય છે જ એને કોણ ઇન્કાર કરી શકે. પરંતુ કોઇપણ વેદાદિ ધર્મ શાસ્ત્રમાં એમ નથી કહ્યું કે ચૈતન્ય કે સચ્ચિદાનંદ બ્રહ્મજ જડ અજ્ઞાતરૂપ જગત ને પરિચ્છિન જીવ બની ગયું છે.

પ્રશ્ન :–શું આ શ્રૂતિઓ નથી કહેતી કે (**यथोर्णं नाभी सृजते गृणुते च** (મુ. ૩.) **तथा तत् सृष्ट्वा तदेवानू प्राविशत्**) (તૈ ત્ર. ૩.) અર્થાત્ જેવી રીતે ઉર્ણ નાભી એટલે કે કરોળિયો પોતાના મોઢામાંથી કાઢેલા લાળના દોરડામાં લટકયો રહે છે. અને પાછો તેજ પોતાના મોઢામાંથી કાઢેલા તંતુને ખાઇ જાય છે. તેવી જ રીતે બ્રહ્મ પણ પોતે પોતામાંથી માયા રૂપ આ જગતને કાઢીને તેમાં જ જીવરૂપે થઈ તેમાં અટવાયો રહે છે. ને પુર્ણ જ્ઞાનને પામી પાછો પોતાના સંકલ્પરૂપ સંસારનું બાધ કરી પોતામાંજ પાછો લીન કરી લે છે ને બ્રહ્મરૂપ થાય છે. તથા બીજી શ્રુતિ પણ કહે છે કે તે બ્રહ્મ પોતે જ પોમાને સંસારરૂપથી સર્જન કરી તેમાં પોતે જ જીવરૂપથી પ્રવેશ કરી જાય છે. તા જ્યારે આ શ્રૂતિઓ વડે ને (**सर्वं खल्विदं ब्रह्म**) તથા આ બધું ખરેખર બ્રહ્મરૂપ છે. આવી રીતે આ વિદ્વાનોનું કહેવું છે ?

ઉત્તર :–જે કરોળિયાના દ્રષ્ટાંત આપીને શ્રુતિમાં કહ્યું છે તે શ્રુતિ સત્ય જ છે ને બીજી શ્રુતિઓ પણ સત્ય જ છે કિન્તુ તેના જે અર્થો કરનારા અદ્વૈતવાદી વિદ્વાનો છે તે તેના

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થનો અનર્થ કરે છે. અને તેનો સત્યાર્થ હવે તમે મારાથી સાંભળો એ છે કે શ્રુતિમાં જે ઉરણુ નાભી અથવા કરોળિયાનો તે દૃષ્ટાંત આપેલો છે, તે બ્રહ્મને માટે જરૂર લાગુ પડે છે. તે એવી રીતે કે જેવી રીતે કરોળિયા એક જંતુ કે જે પોતે આવો વિલક્ષણ ગુણ રાખનારો છે કે જેની લાળ કે થુંકનૂ તંતુ બનતો જાય છે ને તે તરત સૂકાતો જાય છે તે એટલો મજબુત હોય છે કે કરોળિયો એના આધારેજ હવામાં લટકીને ઉપરથી નીચે ને નીચેથી ઉપર જાય છે. પણ કરોળિયાનું શરીર સર્વથા જડ છે ને તેના અંદર રહેલો તેનો જીવ ચેતન છે. ને ત્રીજો તેનો પ્રેરક પરમાત્મા તે જીવમાં રહેલો છે. (यद्दः आत्मनि तिष्ठन् आत्मनो अन्तरो योनवेद) (શં૦ બ્રા૦) કે જેને તે પોતે જાણતો નથી. તે આવા ત્રણ ભાવરૂપ તત્વોથી આ કરોળિયા રૂપ જંતુઓનું શરીર બનેલું છે. તો જે તંતુ તેના મોમાંથી નિકળે છે તે જડ તત્વનો ગુણ છે. તે કંઈ ચેતનમાંથી નીકળેલો નથી અને ચેતન જીવનો કે બ્રહ્મનો ગુણ નથી એ તો શરીરનો ગુણ રહેલો છે. તે આ વાતને એ લોકો સમજતા નથી. અથવા સમજવા છતાં પણ માનતા નથી પણ કોઈ પણ વિદ્વાન એવો નથી કે આ કરોળિયાના મોંઢામાંથી નીકળતા તંતુને ચૈતન્ય જીવાત્માનો ગુણ બતાવી શકે. તે હવે સમજો શ્રુતિનો આશય કહેવાનો એ છે જેવો કરોળિયો પોતાના અંદરથી જડ તંતૂને કાઢે છે અને પોતેજ તેના ઉપર રહીને તેને પાછો ભક્ષણ કરી જાય છે. તેવીજ રીતે તે બ્રહ્મ પરમાત્માના આધારે રહેલી જડ પ્રકૃતિના

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિકાર રૂપ તંતૂને કાઢે છે ને તેમાં પોતે અદ્રશ્યને સાક્ષી રૂપે રહે છે પ્રલય કાળમાં પાછો સંપૂર્ણ જગતને પોતાના અંદર સમેટીલે છે. બસ એજ શ્રુતિનો આશય છે. તથા બીજી શ્રુતિનો અર્થ એ છે કે તે સદ્રૂપા રહેલી માયા પ્રકૃતિનો શરીર સંસાર રૂપે સર્જન કરીને અને જીવાત્માને તેના અંદર પ્રવેશ કરાવીને પોતે અનુ પ્રવેશ તે બેઉમાં કરી જાય છે. કેમકે આ શ્રુતિમાં 'અનુ' શબ્દ જે પડેલો છે તેજ બતાવે છે કે તે પછી તે પ્રવેશે છે. 'અનુ' શબ્દનો અર્થ પશ્ચાત એવો અર્થ થાય છે. માટે પ્રવેશ કરાવનારો ને પ્રવેશ કરનારો આ એક નથી, માટે પ્રવેશ અને અનુ પ્રવેશ એમ સમજવૂ તો પ્રવેશવૂ તે જીવાત્માનો શરીરમાં ને અનુપ્રવેશ તે સર્વે જીવોને જડ તત્વમા કરવાનો બ્રહ્મના માટે કહેલો છે. તે અહીં ઓપ ચારીક ભાષાનોજ માત્ર પ્રયોગ જાણવો કેમકે જેવી રીતે ઘડામાં આકાશ તેના બનવા પહેલા હતો પણ ઘડાના બન્યા બાદ તે આકાશનો પ્રવેશ થયેલો સામાન્ય બુદ્ધિવાળાને ઔપચારિક ભાષાથી સમજાવામાં આવે છે કે આ ઘટાકાશ મઠાકાશ છે. અસલમાં ઘટનો કે મઠનો આકાશ જે ભેદ કરીને કહેવામાં આવે છે તે ખરેખર નથી જ પણ ભોળા માણસને સમજાવામાં આવે છે. તેવીજ રીતે બ્રહ્મના પ્રવેશ વિષે સમજી લેવું. અને જે શ્રુતિ આ બધું બ્રહ્મ છે એમ જે કહે છે તો અહીં બ્રહ્મનો તાત્પર્ય કેવળ પરબ્રહ્મ પરમાત્માથીજ નથી પરંતુ બ્રહ્મ શબ્દથી જીવાત્મા, પરમાત્મા અને પ્રકૃતિ માયા આ ત્રણેને સમજવૂ જોઇએ કેમકે પ્રાચીન ગ્રંથોમાં જીવાત્મા, પરમાત્મા અને પ્રકૃતિને

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આ ત્રણે ને બ્રહ્મ શબ્દથી નિરુપણ કરેલા છે. જેમકે **ममयोनिर महद्ब्रह्म** (૬) અહીં માયાને બ્રહ્મ કહેલું છે. તથા **अयमात्मा ब्रह्म** અહીં જીવાત્માને બ્રહ્મ કહેલું છે. તથા (**ॐ खं ब्रह्मः**) અહીં પરમાત્માને બ્રહ્મ કહેલું છે આ પ્રમાણોથી ત્રણને એ બતાવામાં મારો તાત્પર્ય છે કે શાસ્ત્રમાં આ ત્રણે નેજ બ્રહ્મ કહેલા છે માટે જ પહેલી શ્રુતિ એમ કહે છે કે આ ચરાચર જે કાંઇ દેખાય ને અનુભવમાં આવે ? તે ખરેખર બધું બ્રહ્મજ છે. એટલે કે આ બધી લીલા જે કંઇ દેખાય છે તે આ બધી લીલા ખરેખર ત્રણે બ્રહ્મનીજ છે. પણ થોડામાં બ્રહ્મ શબ્દથીજ મુમુક્ષુઓને જ સમજાવામાં આવ્યું છે. યદી કોઇ કહે કે અહીં એક બ્રહ્મનું વર્ણન છે તમે ત્રણ બ્રહ્મને ક્યાંથી લાવ્યા તો હું એવાઓથી પૂછું છું કે અહીં સર્વ શબ્દ એકના માટે પ્રયોગ થયો છે કે અનેકના માટે ! તો તમારે માનવું જ પડશેને કહેવું જ પડશે કે સર્વ શબ્દ એકનો બોધક નથી પરંતુ અનેકનો બોધક છે અને યદિ અનેકનો બોધક છે તો એકથી વધારે હોય ત્યારે જ અનેક કહેવાય, ત્યારે તમે જ વિચાર કરો કે મેં જે ત્રણ બ્રહ્મની જ આ સર્વે રચના છે ને લીલા છે તો મેં શું ખોટું કહ્યું. તમે પણ જરા બુદ્ધિથી વિચાર કરીને જુઓ કે આ સંપૂર્ણ જગતની રચના કેવળ ચેતન ચેતનથી જ થયેલી છે કે તેમાં જડ તત્વ પણ દેખાય છે ? પણ કહેશો તેજ કે જે તમે આંખોથી જોઈ રહ્યા હો અને મનથી અનુભવી રહ્યા હો. કેમકે સત્યને જ જોવૂ, જાણવૂ ને માનવૂ તે સાધુ પુરુષનૂ કામ છે. કહ્યું છે કે

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(मनस्येकं वचस्येकं कर्मण्येकं महात्मनाम् मनस्यन्यद् वचस्यन्यद् कर्मण्यन्यद् दुरात्मनाम्) ગો. સ્વા. તુલસીદાસજી મહારાજ પણ કહે છે કે (जड चेतन गुणदोष मय विश्व-किन्ह करतार। તથા उभय मध्य सिव सोहती कैसी ब्रह्म, जीव विच माया जैसी।) જૂઓ ગો. સ્વામીજી જેવા મહા પુરુષ પણ માયા જીવને બ્રહ્મ આ ત્રણેનીની રચના આ વિશ્વને માને છે. તથા ગીતામાં પણ ક્ષર અક્ષર અને ઉત્તમ પુરુષ આ ત્રણ પુરુષોના જ વર્ણન કરે છે. તથા વેદમાં પણ બે સુપર્ણ અને ત્રીજો પીપળ નામથી પ્રકૃતિનૂ વર્ણન કરી આ વિશ્વ એ ત્રણેની રચના માત્ર છે. અને એજ વાત શિવ પુરાણને ભાગવતમાં પણ (द्विखगोह्यादि वृक्षः) તથા (प्रधान पुरुषेश्वरः) એટલું જ નહીં બધી દુનિયાના મોટા મોટા સંપ્રદાયોના પ્રાચીન ધર્મગ્રંથો સુધીમાં એજ ત્રૈત વાદનો હેરફેરથી વર્ણન કરવામાં આવેલું છે. એટલું જ નંહિ પણ પોતે શ્રી શંકરાચાર્ય મહારાજ પણ કહે છે કે अचिन्त्या खलु ये भावाः न तां तर्केणयोजयेत्। શાં ભાષ્ય કા૦) અહીં પોતે જ શ્રી શંકરાચાર્ય મહારાજ (ખલુ યે ભાવાઃ) કહીને ભાવવાન પદાર્થને એક નહિ પણ અનેક અથવા ત્રણ માને છે. તો હવે ભાવવાન પદાર્થ એમના મનથી પણ એક નહિ પણ અનેક થઇ ગયા. પરંતુ ન જાણે કયા કારણસર વિજ્ઞાનવાદી બૌદ્ધો અને અદ્વૈદવાદી મહાપુરુષો કેવળ શૂન્ય તથા બ્રહ્મ સત્તાને જ સ્વીકાર કરીને બીજાને મિથ્યા કહે છે. તે કયા કારણસર તે સમજાતૂ નથી. તેનું મને ખરેખર ઘણું જ દુઃખ થાય છે. જો કે આ સંપ્રદાયોના મૂળ પાયા નાખનારા મહાનુભાવ મહાત્મા નાગાર્જુનજી અને શ્રદ્ધેય ગુરુ

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોડપાદજીના પ્રતિ તેમના વ્યક્તિત્વ વિષે મને ખરેખર ઘણું જ માન છે. તો પણ તેમની પ્રૌઢ કે પ્રચંડ અવૈદિક દાર્શનિકતા પ્રતિ મને મારા મનમાં માન થતું નથી તેનૂ કારણ એજ કે તેમની દાર્શનિકતા બુદ્ધિ વિરૂદ્ધને વેદાદી આર્ષ ગ્રંથોથી વિરુદ્ધ જાય છે. માટે જ.

પ્રશ્ન :– એ લોકોમાંના કેટલાક મહાપુરુષો આ તમારી ઉપરોકત વાતના જવાળમાં એમ કહે છે કે અરેબાઇ/ભેદનૂ કે જુદાપણાનું અથવા દ્વેત પણાનું જ્ઞાનતો એક મુરખાકે ભાળકને પણ હોય છે. અને એજ વાત કે જેમાં દ્વેત પણા નું જ્ઞાવ હોય તે તમે બતાવો છો તેમાં તમારા જ્ઞાનનું શૂ મહત્વ. આવું દ્વત પણાનું જ્ઞાનતો દરેકને રહેલું છે એમ એ લોકો કહે છે તો આ વિષે હવે તમારો શો જવાબ છે ?

ઉત્તરઃ–જો ભાઇ જે સત્ય હોય છે અને ભાવરૂપ હોય છે તેને જ બધા જાણે છે પણ જેનોભાવ કે અસ્તિત્વ હોયજ નહિ તેને ભલા કોણ માનશે ? અને શૂ બધી દુનિયા જેને માને ને જાણે સૂં તેનાથી ઉંધું ને અવળુંજ બતાવું ને માનવું શૂ તેમાંજ દાર્શનિકતા કે ફિલસફી રહેલી છે? આ કેવી વિચિત્ર વાત એમની છે યદી એમની વાતને કોઇ થોડો સમય માની પણ લે તો શું આ બધા વેદાદી શાસ્ત્રો શૂ ખોટા છે કે જે બધા એક સ્વારથી દ્વેત કે ત્રૈતવાદનો વર્ણન કરે છે.

પ્રશ્ન :–વેદાદી શાસ્ત્રોમાં તો અદ્વૈતનું પણ વર્ણન છે. તો શૂ તે ખોટૂં છે? અને યદી નહી તો શૂ

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરસ્પર તે શ્રુતિઓ ખોટી છે? જો જેમ કે શ્રુતિમાં કહ્યું છે કે अक मेवाद्वितियम ॥ तथा (शिवं अद्वैतं चतुर्थम् मन्यन्ते ॥) અને (तत्र को मोहः कः शोक अेकत्वं अनु पश्यतः ॥) (अेको रुद्रोः न द्वितिय) ॥ તો હવે જ્યારે આ શ્રુતિઓમાં અદ્વૈતનું સાફ સાફ વર્ણન આવેલું છે ત્યારે તમે એનો શું જવાબ આપશો ?

ઉત્તર :–ધન્યવાદ છે તમારી બુદ્ધિને કે આવી શ્રુતિઓના પ્રમાણ વડે જ શું અદ્વૈતની સિદ્ધિ કરશો કે? પણ એ શ્રુતિઓ કંઈ કેવળ દ્વૈતની સિદ્ધિ કરતી નથી. અથવા આત્મા પરમાત્માને પ્રકૃતિને એક બતાવતી નથી. પરંતુ રુદ્ર શીવ કે જે તુરિય બ્રહ્મ ને માટે કહે છે કે એ પર-બ્રહ્મ જ એક અજોડ છે કે જેની સમાનતામાં બીજો કોઇ થઇ શકતો નથી કે જેની ઉપાસના કરી જ્ઞાનીજનો નૈમિત્તિક એકત્વને કે એક સરખાપણાને અથવા બ્રહ્મભાવને પામે છે. તે સ્થિતિમાં એવાને શું મોહ અજ્ઞાન અને કયાં શોક કે દુઃખ રહે અર્થાત્ એમાંતો એક પણ શ્રુતિ તમારા અદ્વૈતના વર્ણન કરતી નથી પણ ઇશ્વરને જ એક અજોડ બતાવે છે. તો તે યોગ્ય જ છે. કેમકે વેદમાં બીજી જગ્યાએ પણ એમ જ કહેલું છે. यस्मान्न जातः परोऽन्योयअस्ति भुवनानि विश्वा ॥ અર્થાત્ આ સંપૂર્ણ ચરાચર જગતમાં જે ઇશ્વરની સમાનતામાં કોઇ પણ ન થયો, ન છે કે થશે નહિ. તો જ્યાં કંઇ શ્રુતિમાં આવી રીતે અદ્વૈતનું કે દ્વૈતનો નિષેધ આવેલો છે. તો તે શ્રુતિઓનો તાત્પર્ય કેવળ બ્રહ્મ કે ઇશ્વરને અદ્વિતિય બતાવામાં જ છે.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્ન :—શું તમે પરમાર્થ અને વ્યવહારિક સત્તાની બોધક તેના ભેદને બતાવનારી શ્રુતિઓને નથી માનતા? એટલે કે શ્રુતિઓ બે પ્રકારથી બોધ કરે છે. એક વ્યવહારને બતાવનારીને બીજી પરમાર્થને બતાવનારી છે.

ઉત્તર :—શ્રુતિમાંતો કહેલું વ્યવહાર અને પરમાર્થના ભેદને હું માનું છું ને સાથે સાથે તેના ભોક્તા અને તેના ભોગવનારાને પણ માનું છું તો હવે તમને કંઇ શંકા છે.

પ્રશ્ન :—પણ મારો કહેવાનો તાપર્ય તો એ છે કે અદ્વૈતવાઓનું દી કહેવું તો એવું છે કે અમે વ્યવહાર દશામાં તો અસંખ્ય અગણ્ય ભેદોને સ્વીકારીએ છીએ. પરંતુ પારમાર્થિક સત્તામાં અથવા અપરોક્ષાનું ભૂતિ પરમજ્ઞાન દશામાં અમે એક અદ્વિતિય બ્રહ્મ સત્તાના અતિરિક્ત બીજી કોઇ પણ સત્તાને માતના નથી કે કોઇ પણ જાતના ભેદને માણતા નથી.

ઉત્તર :—એ લોકોની વ્યવહાર નેપ્રતિભાષ તથા પરમાર્થ આ ત્રણે સત્તાની પ્રસિદ્ધિ છે. પણ તેઓ શું તે ત્રણે સત્તાની સાથે સાથે આ ત્રણે સત્તાના ભોક્તાને પણ માને છે કે નથી માનતા? અને એ સત્તાના ભોક્તા યદી માને છે તો જીવને કે પછી શિવને માને છે. જો કહો જીવને તો એમના મતમાં જીવ અનાદી થશે કેમકે જ્યારથી સત્તા છે ત્યારથી સત્તાના ભોક્તાનો પણ સ્વીકાર કરવો પડશે તો એમના મતમાં દ્વૈતાપત્તિનો બાધ આવશે. તથા જો શિવને જ આ સત્તાઓના ભોક્તા માનશે તો તુરીય બ્રહ્મરૂપ

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિવમાં અજ્ઞાનનો અભાવ થશે નહીં. પણ તુરીય બ્રહ્મમાં અજ્ઞાન કે અવિદ્યા રહેલી છે અથવા બ્રહ્મ અજ્ઞાની છે એમ એક પણ શ્રુતિ બતાવતી નથી માટે જ એમના મતના પ્રખર દર્શનાચાર્ય પંડિત વાચસ્પતિજી મિશ્ર પણ પંચદશીકાર સ્વામિશ્રી વિદ્યારણ્યના જેવા કંઈ બ્રહ્મમાં અજ્ઞાન માનતા નથી પણ તે પોતે જીવને જ અવિદ્યાનો ભોક્તા માને છે. તે યોગ્ય જ છે. તો આ અજ્ઞાનના ભોક્તા પછી કોણ ? ને આ અજ્ઞાનરૂપ ગુણ, કે ધર્મ કોનો છે. તેનો જવાબ આપો. કેમકે જ્યાં સુધી સત્તાના સાથે ભોક્તા અને તે સત્તાને ભોગાવનારા એ ત્રિપુટીના ખરેખર સ્વીકાર કરાવવામાં ન આવે ત્યાં સુધી અદ્વૈતવાદીઓને પકડવું સહેલું નથી. માટે જ મેં એમ કે આવા પ્રશ્ન એમના સામે રાખ્યા છે. અને આ દ્વૈતાદ્વૈત કે ત્રૈતવાદના ખરા રહસ્યને જેને વિશેષરૂપે જાણવાની ઇચ્છા હોય તે અમારા દ્વારા લખાયેલા ગૈત વેદાન્ત દર્શન વિષયક ગ્રંથમાં આવેલું પ્રકૃતિ ખંડને વાંચી જુઓ.

પ્રશ્ન :—તો હવે આપ આ જગતના કર્તા ઇશ્વર વિશે કંઈક અમને સમજાવા કૃપા કરો.

ઉત્તર :—સારું ત્યારે સાંભળો. જે ઈશ્વરને માને છે તો તે આસ્તિક પુરુષો તો ધન્યવાદના પાત્ર છે જ. પણ જે મહાનુભાવો આ જગતના કર્તા ઇશ્વરના અસ્તિત્વમાં કે હોવામાં ઇન્કાર કરે છે તો તે એવા નાસ્તિક વિચાર ધરાવનારા મહાશયોથી અમારો એ પ્રશ્ન છે કે શું તમો કર્તા વગર કાર્યને થતું માનો છો કે અને જો કદાચ કહો

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે હા, તો શું એ કહેશો કે જડ પદાર્થમા બનવાના ગુણ હોતા છતાં પણ તે કેમ પોતે જ આપોઆપ બની જતો નથી ? તો તેનો કદી તમે વિચાર કર્યો છે ? ને તમે કહેશો કે એક ઘડીયાળકે જેનાથી સમયનું પરિજ્ઞાન થાય છે. તે આ જડ ઘડીના પુર્જાઓને ગોઠવનારો, બનાવનારો કોઇ ચૈતન્ય જ્ઞાનવાન કર્તા છે કે નહીં અને કહો કે હા તો કહો કે જ્યારે એક જડ ઘડી પણ બનાવ્યા વગર બની શકતી નથી ને આવી આવી નાનકડી કલા મયી યંત્રોનો કર્તા જ્યારે તમે માનો છો તો આ સંપૂર્ણ ચરાચર સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, જળ, થળમય જગતની આ વિધિવત રચના અને આ તમારા નાનકડા શરીરની રચનાને પણ જુઓ કે એમાં કેવી કેવી એકથી એક વિલક્ષણ ઇન્દ્રિયો મન, પ્રાણ, બુદ્ધિ, સ્નાયુઓ, શિરાઓ ને અંગોના અવયવો એકથી એક વિલક્ષણ કેવા યંત્ર જેવા ગોઠવેલા છે તેમાંથી એક પણ ઓછો વત્તો થાય કે તૂટી ફૂટી જાય તો શું આપ અમો સર્વે ભેગા મળીને પણ તેવુંને તેવું ઉપજાવી કે બનાવી શકીએ ખરા કે ? અને જો યદી નહીં તો આ શરીર સંસાર રૂપ યંત્રોના ઘડવૈયા કોણ હશે ? તેનો કદી તમે વિચાર કર્યો છે કે ? યદી નહીં તો કેમ નહીં અને યદી હા કહો કે એ શરીર સંસારના કર્તા કોણ ? પણ આ અમારી વાતનો જવાબ એમની પાસે છેજ નથી.

પ્રશ્ન :—અહીંતો ઘડીઆદી યંત્રોના બનાવનારાઓ અમારા બધાના પ્રત્યક્ષ જોવામાં આવે છે પણ તેવીજ રીતે આ શરીર સંસરનો બનાવનાર ઇશ્વર અમારા

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોવામાં કદી આવતો નથી. માટેજ અમે આ જગતના કર્તા ઇશ્વરના અસ્તિત્વથી ઇન્કાર કરીએ છિએ. એમ એ લોકોનું કહેવું છે.

ઉત્તર :—ઓહો આ કેવી અબોધતાની કે બાળક બુદ્ધિની જેવી વાતો ! શૂં જે વસ્તુ કે ભાવવાન પદાર્થ આંખોથી જોવામાં ન આવે તો શૂં તેને તમો માની શકતા નથી ? અને જો કહો હા તો અમારી આ વાતોનો જવાબ આપો. કે શૂં તમોએ તમારા મનને આંખો વડે જોયું છે ? ને શૂં તમોએ આ વાયરાને તમારી સગી આંખોથી જોયું છે. શું આ આકાશને તમારી આંખો જોઇ શકે છે અરે ખુદ તમો તમારા પોતાનાજ આત્માને કદી તમારી આંખોથી જોયૂં છે ? યદી હા તો જે ચીજો વિશુદ્ધ આંખોથી જોવાય છે તે બધીજ ચીજોને બીજા પણ જોઇ શકે છે. અને આંખોથી જે સૂક્ષ્મ વસ્તુ જોવામાં નથી આવતી તેને કોઈ પણ પોતાની આંખોથી જોઈ શકશે નહી એજ અટલ ને સ્વભાવિક નિયમ છે તો હવે કહો કે આટલી બધી ચીજો ને તત્વો જ્યારે તમો પોતાની આંખોથી જોઈ શકતા નથી તો પછી એમના હોવા વિષેમાં કેમ તમે માનો છો ? તેનો જવાબ તમે આપો.

(પ્રશ્નકર્તા) એ લોકોનું એમ કહેવું છે કે જે વસ્તુઓ પદાર્થો તત્વો ને અમે જોઈ શકતા નથી તે બધાને અમે તે પદાર્થોના ગુણો કે વિષયોના અન્ય ઇન્દ્રિય સંયોગ જન્ય જ્ઞાન વડે પોતાની બુદ્ધિથી ઓળખીએ કે અનુભવ કરીએ છીએ. જેમકે હવાનો સ્પર્શ ગુણથી આકાશનો

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દ ગુણને મનનો સંકલ્પ તથા આત્માના મુખ્ય કર્તા ભોક્તાને જ્ઞાતા ગુણ વડે પોતાના બુદ્ધિથી પ્રત્યક્ષ અથવા અનુભવ કરીએ છીએ. પણ આ જગતના કર્તા કે જે ઇશ્વર કહેવામાં આવે છે તેનું જ્ઞાન કે અનુભવ તો અમોને અમારિ ઇન્દ્રિયોથી એક પણ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ કે ગંધ થી પણ થતું નથી, અને જીવાત્માતો અમે પોતેજ છીએ, તો પોતાનો જ્ઞાનતો હોયજ, માટે અમારા શુક્ષ્મ જીવને ન જોતાં છતાં પણ અમે તેના સુખ દુઃખ, ઇચ્છા, દ્વેશ, પ્રયત્ન ને જ્ઞાન ગુણ વડે અમે અમારા સ્વરૂપનો અનુભવ કરી લઇએ છીએ. પણ આ જગતના કર્તા ઇશ્વર નું જ્ઞાન તો કોઈ પણ રીતે થતું જ નથી, તો પછી તમેજ કહો અમે કેવી રીતે ઇશ્વર ને હોવા વિષે માનીએ ? એ લોકોનું એમ કહેવૂં છે.

ઉત્તર :—પણ એ તમારા નાસ્તિકો નૂ કહેવાનૂ તો એ હતૂકે ઇશ્વર આંખોથી દેખાતો નથી તો હવે એ એમની પ્રતિજ્ઞાની હાની થઇને એમના પક્ષની મોટી હાર છે ને હવે નાસ્તિક બાંધવોને સ્વીકાર થઇ શકે અને એમના દિમાગમાં ઇશ્વરનો અસ્તિત્વ આવી શકે તેવોજ જવાબ હવે તમે સાંભળો. તે એકે તમોએ આ વાતનો કદી વિચાર કર્યો છે કે જે આનંદ કે સુખ એક માણસનોજ નથી પરંતુ પ્રાણી માત્રનો પરમઇચ્છનિય અને સ્વીકારણિય સુખ, રૂપ, ગુણ કે ધર્મ એ કોનો છે ? તેનો તમે કદી વિચાર કર્યો છે કે ? પણ તમે જો કહો કે સુખતો આ સંસારમાં સંપૂર્ણ આ વિષય ઇન્દ્રિયોનો સંયોગ જન્ય જ આનંદ ગુણ હોવો જોઇએ. એમ જો તમે માતના હો તો જે સંયોગમાં

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તે વિયોગમાં પણ હોય છે. એનો દરેક પોતે અનુભવ કરે છે કે જે પોતાની ઇન્દ્રિયો વડે જે વિષયોના ઉપભોગ કે ઉપયોગ અથવા ઉપસેવન કરે છે તેને પ્રથમ પ્રથમતો સુખ જેવું ભાષે છે પણ અંતમાં તે સુખ. દુઃખ રૂપમાં પલટાઈ જાય છે. તોજે સુખ આદીમાં હોય તે અન્તમાં કેમ નથી શું તેનો જવાબ કંઇ તેમની પાસે છે? અને જો નહિ તો હવે સાંભળો કે એ સુખ રૂપ, ગુણ કે ધર્મ નતો વિષયોનું છે ના વિષય ઇન્દ્રિયોના સંયોગમાં છે. કેમકે જે સંયોગના આદીમાં હોય તે વિયોગના અંતમાં પણ હોય છે. જેવી રીતે જે સૂર્ય પૂર્વ દિશામાં ઉદય થાય છે તેજ સૂર્ય મધ્યાનમાં ને પશ્ચિમમાં શાયં કાળમાં પણ હોય છે પણ તેવીજ રીતે તે ખરેખર સુખજ હોતું નથી પણ તે તો સુખ નહીં પણ તે તો ભ્રંન્તિથી સુખાધ્યાસ માત્રજ છે. જેવી રીતે કે કોઈ તરસ્યા માણસે કદી સરોવવરમાં પાણી દીઠેલું ને પીધેલું હોય તેજ દેશાંનરને કાળાતરના ભેદ પડી જવાથી બનાંતરમાં ગયેલું માણસ જેમ ઝાંઝવાના પાણીને જોઇને પ્રસન્ન થાય ને મિથ્યાપાણી ભણી જાય પણ તે ઝાંઝવાનું પાણી તો ખરેખર પાણી હોતું નથી પણ તે તો માત્ર જોવાનું ને કહેવાનુંજ હોય છે. પણ તે પાણીથી કદી કોઈ એક કીડીની પણ તરસ જઇ શકતી નથી. તે તરસીને તરસીજ રહે છે તેવીજ રીતે વિષય ભોગોના સુખને કેટલાય પણ ભોગવ્યા હોય પણ શું ખરેખરે કોઇને તૃપ્તી થાય ખરી છે કે જેવી રીતે એક તરસ્યા માણસને શીતળ અમળ, નિર્મળ કે મીઠું ને મધુરું સાચા પાણી

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીવાથી તેની તરસ ચાલી જાય છે શું તેવી જ રીછે વિષયોના સુખથી તમોને પરિતૃપ્તિ થાય ખરી કે ? પરંતુ તે કદીજ નથી. પરંતુ ખરેખર કહીએ તો આ જગતના કોઇ પણ પ્રાણી કે પદાર્થનો સ્વાભાવિક ગુણ સુખ રહેલો નથી તો તમે કહી શકો છો ને પૂછી શકો છોકે તો પછી એ ગુણ કોનો છે ? તો મને હવે અહીં કહેવું ને બતાવવું પડે છે કે તે આ આનંદ ગુણ ફક્ત તેનોજ છે કે જેને તમો નાસ્તિક ભાઇઓ માનતા નથી ને જેનો તમે ઇન્કાર કરો છો તેજ આ સંપૂર્ણ ચરાચર જગતના રચૈતા કે કર્તા ઇશ્વરનોજ એ પ્રસિદ્ધિ ગુણ કે ધર્મ કહેવાય છે.

પ્રશ્ન :—આનંદ ગુણ જે તમે ઇશ્વરનો કહ્યો તે કેમ છે અને જો માયા કે જીવનોજ ગુણ ખુખ અમે માની લઇએ તો તેમાં શું દોષ આવશે તેનો જવાબ આપો.

ઉત્તર :—માયા કે જે પ્રકૃતિ છે તે કેવળ સદ્રૂપાજ છે. અને જે જીવાત્માઓ છે તેઓ તેનાથી વિશેશ સદ્ને ચિદ્ રૂપવાળાજ છે પણ આ બેઉનો એટલે કે માયા અને જીવનો ગુણ કોઈ પણ વેદાદિ આર્ષ ગ્રંથોમાં આ બેઉને આનંદરૂપવાળા છે તેમ કોઈ પણ જગ્યાએ કહેલા નથી. અને સૃષ્ટિ નિયમને તર્કથી પણ જો વિચાર કરીએ તો જડ પ્રકૃતિ ને ચેતન જીવોના સ્વભાવ સિદ્ધ ગુણ કે ધર્મ, આનંદ કદી થઇ શકતુંજ નથી. કેમકે જે પદાર્થના ગુણ સ્વભાવ સિદ્ધ ઉષ્ણતાવાળો છે તે પદાર્થ કદી પણ શીતળતા ધર્મવાળો થઇ શકતોજ નથી. એજ અટલ નિયમ સર્વત્ર જોવામાં આવે છે. કેમકે અગ્નિ અથવા દેવતા કદી શીતળ

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોતો નથી અને એમ પણ નથી કે એ કોઇને ઉષ્ણતા આપે તો એજ દેવતા બીજાને શીતળતા આપે તેવો અનુભવ યતો કોઇએ કદા જોયેલો નથી એજ પ્રમાણે બધા જડ પ્રકૃતિના પદાર્થો, ભોગો, વિષયો કે શરીરોને આપણે જેવા સમજીએ છિએ તેવા સુખદાયી તેઓ નથી. પણ કોઈ અહીં કહે ને પૂછે કે અમોને તો આ ભોગો પદાર્થોને શરીરો ઘણાજ પ્રિય લાગે છે તો હું એનાથી પૂછું છું કે જે પદાર્થો કે પ્રાણીઓ અથવા વિષયો તમને પ્રિય સુખરૂપ લાગે છે તેજ પદાર્થો બીજાઓને કેમ દુઃખરૂપ લાગે છે ને થઈ પડે છે. તેના ઉપર તમે કદી વિચાર કર્યો છે ? ને યદી હા તો આ અમારી વાતનો જવાબ આપો પણ આ અમારી દાર્શનિક વાતનો જવાબ તમારા પાસે છેજ નહીં. અને હવે આ વિષયમાં તમે પણ સમજીલો જેવો કે પહેલા પણ હું કહી આવ્યો છું કે જે પદાર્થનો જેવો ગુણ હશે એટલે કે જેવો અગ્નિને જ લો કે, આ અગ્નિ તત્વ સામાવાળાને જેમ બાળનરો કે ઉષ્ણતા દેનારો થશે તેવીજ રીતે તમો સર્વેને પણ બાળનારો કે ઉષ્ણતા દાહકતા ને પ્રકાશને દેનારો થશે. તેનાથી વિપરીત કદી તે થશે નહિ. તેજ તેનો સ્વભાવ સિદ્ધ ગુણ રહેલો છે તો હવે તમેજ વિચારીલો કે જે માયામય વિષયમાંને પદાર્થોમાં સુખ હોય અથવા માયામય પદાર્થોના ગુણ કે ધર્મ જો સ્વભાવ સિદ્ધ આનંદ કે સુખજ હોય તો તે સર્વેને એક સરખા સુખ રૂપે કેમ લાગતા નથી અને કેમ તેજ વિષયો કે જડ પદાર્થો દુઃખરૂપ થઈ પડે છે. તેનો અહીં તમે નિસ્પક્ષ બુદ્ધિથી જરા વિચાર

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરશો. તો તમને સમજી સકાસે કે ખરેખર જે પદાર્થના જે સ્વભાવ સિદ્ધ ગુણ હોય તે કદી તેનાથી છૂટી શકતા નથી. ને કદી કોઇને વિપરિત ફળ આપી શકતા નથી. એટલે કે સર્વેને સમાન ગુણને આપનારા હોય છે. જેમકે પાણીનો સ્વભાવ દરેકને શીતળતા આપવાનો ને તરસ મીટાવાનો હોય છે. તો આવી રીતેજ કસોટી કરીને તમારી બુદ્ધિથી તમે પોતેજ વિચાર કરશો તો તમોને પોતેજ લાગશે કે ખરેખર માયા કે જડ પ્રકૃતિના એક પણ પદાર્થનો સ્વાભાવ સિદ્ધ ગુણ આનંદ કે સુખ રહેલો નથીજ તો હવે એ વાતતો તમારા સમજમાં આવીજ ગઈ હશે કે જડ માયાનો ગુણ આનંદકે સુખ નથી તો હવે ચાલો આગળ જીવના ગુણો વિષે વિચાર કરીએ. અને કહો કે શું તમે પોતેજ સુખરૂપે છો ખરા ? તો પછી જે તમારાથી જુદા જડ પદાર્થો છે તેઓને અંગીકાર કરીને કે સ્વીકાર કરીને કેમ સુખી થવાની આકાંક્ષા રાખો છો ? અને જે ઇચ્છિત પદાર્થો કે પ્રાણીઓના શરીરો અથવા વિષયો. તમારા વિચાર અને પ્રયત્ન કરતાં પણ મળતા નથી અને જે પ્રિય લાગતા પદાર્થ મળેલા હોય છે તે પણ કદાચ છૂટી જાયને ચાલ્યા જાય કે નષ્ટ થઈ જાય તો તમે શા માટે હાય હાય કરો છો ને રડા રોળ કરી મૂકો છો ને અશાંત બનીને પોપપાડીને કેમ કહો છો કે મારા બધા સુખના સાધનો છૂટી ગયા. અરે હે ભાઇ ! તમે તો પોતેજ પોતાને સુખરૂપ માનો છોને પછી તમારે તમારાથી જુદા જડ વિષયોને મેળવીને તેનાથી સુખશાંતિ કે આનંદ લેવાની શી જરૂરત છે તે તો જરા તમે કહો ?
CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપરોક્ત વાતથી પણ તમને સમજાયુ હશે ને લાગ્યું હશે કે અમે બધા જીવો પણ સુખરૂપ નથી અથવા જીવોનો ગુણ સુખકે આનંદ નથી.

પ્રશ્ન –અદ્વૈતવાદી મહાપુરુષોનું કહેવું એમ છે કે જેવી રીતે ઇશ્વર કે બ્રહ્મ સદ્ચિદને આનંદરૂપ છે તેવીજ રીતે આ જીવ પણ અસ્તિભાતિ ને પ્રિય રૂપ છે. એમ એ લોકોનું કહેવું છે. તો શું એ ઠીક નથી ?

ઉત્તર :–ના નથી.

પ્રશ્ન :–કેમ નથી ?

ઉત્તર :–એટાલા માટેજ કે જીવાત્માને એક પણ શ્રુતિમાં સુખરૂપ કોઈ પણ જગ્યાએ કહેલું નથી અને યુક્તિ પ્રમાણે ને શ્રષ્ટિ નિયમથી પણ વિરુદ્ધ છે. તે હાલ આપણે આ વિષયમાં તમોને સમજાવીજ આવ્યા છિયે ને રહી શ્રુતિની વાતતો શ્રુતિમાં તો એમ કહેલું છે કે रसो वै स रसं ही ऐवायं लब्ध्वा अनन्दीभवति ॥ तै. उ.) (भूमा वै तत्सुख। (नाल्पेसुखमस्ति) तथा (अन्यो अन्तरात्मा आनन्दमयः ॥ અને (कस्मै देवाय हविषा विधेम) तथा (आनन्द मयो अभ्यासाद) वे० द० । (भोग मात्र साम्यलिंगम्) वे द. ऋ. वे અને सुसुप्ति समाधि मोक्षेषु ब्रह्म रूपता) सां द. ॥ (आपो ज्योतिरसोमृतं ब्रह्मभूर्भुवस्वरोम्) य वे. (अकामो धीरो अमृतः स्वयंभू रसेनतृप्तो नकुतश्चनोन) अ. वे. ॥ અર્થાત રસરૂપ તો તે બ્રહ્મ પરમાત્માજ છે. પણ આ અલ્પજ્ઞ આનંદ રહિત જીવાત્મા જ્યારે રસરૂપ કે આનંદ રૂપ બ્રહ્મને પ્રાપ્ત કરે છે ત્યારે તે પોતે આનંદિત થઇ જાય છે. તથા ભૂમાં કે જે

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વે કરતાં શ્રેષ્ઠતં મહાન બ્રહ્મ છે તેજ સુખરૂપ છે. પણ જે અલ્પજ્ઞ જીવાત્મા છે તેમાં સુખરૂપ ધર્મ રહેલો નથી. અને આ જીવાત્માનો અંતર્યામી પરમાત્મા તો બીજોજ રહેલો છે. કે જે આનંદમય સ્વરૂપવાળો કહેવાય છે તથા ઋષિઓ વેદમાં કહે છે કે આનંદ સ્વરૂપ દેવાધી દેવ મહાદેવનેજ અમે હવિપ્રદાન કરીએ છીએ માટેજ પૂજ્ય વ્યાસદેવ પણ પોતાના વેદાંત દર્શનનાં આત્માધી પ્રકરણાં કહે છે કે વારંવાર વેદ શાસ્ત્રનો અભ્યાસ કરવાથી એજ નિશ્ચય થાય છે કે પરમાનંદ સ્વરૂપ તે બ્રહ્મજ છે. માટેજ વેદાંત દર્શનના મોક્ષ પ્રકરણમાં પણ વ્યાસજી લખે છે કે મુક્તાત્મા જ્યારે બ્રહ્મને પામે છે ત્યારે તે સર્વથા પરબ્રહ્મ સ્વરૂપ થતો નથી પરંતુ તે તેની બ્રહ્મના આનંદમય ભોગમાંજ એકરૂપતા થાય છે. પણ તે જગતની ઉત્પત્તિ સ્થિતિ પ્રલયનો ચક્ર તે સંભાળી શકતો નથી. અને એ માટેજ ભગવાન કપિલ પોતાના સાંખ્ય દર્શનમાં કહે છે કે જીવાત્મા ને સુસુપ્તિ સમાધી મોક્ષ દશામાં કે અવસ્થામાં બ્રહ્મરૂપના એટલે આનંદ રૂપતાની પ્રાપ્તી થાય છે કેમ કે યજુર્વેદમાં પરમાત્માં ને સર્વ વ્યાપક સર્વે જ્યોતિયોની પરમ જ્યોતિ સ્વરૂપ અને પરમાનન્દ રૂપ ને સ્વભાવથીજ અમૃતાત્મા તે પરબ્રહ્મ પરમાત્મા શચિદાનન્દ સ્વરૂપ જેનો મુખ્ય અને શ્રેષ્ઠ નામ ૐકાર કહેવાયે છે. માટેજ અર્થવવેદમાં તેજ પ્રભુના માટે કહેવાયે છે કે તે પૂજ્ય પરમાત્મા અકામ અથવા સર્વે કામનાઓથી રહિત આપ્ત કામ પૂર્ણ કામ છે ને પોતાની સ્થિતિથી તે કદી ચલાય માન થતો નથી માટેજ તે ધીર ગંભીર

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકાશના સમાન સર્વમાં સર્વત્ર રહેલો છે. તેજ પરમ અમૃત નો ધામ છે ને સર્વે કરતા પેલાથી રહેલો હોવાથી તે સ્વયંભૂ કહેવાયે છે. અથવા તે ઉપાસકોના પ્રેમાબધ થઈ સ્વેચ્છાથી જ હૃદયમાં પ્રગટ થાય છે તેનેજ વેદો આનંદ થી ભરેલો પરિપૂર્ણ ને પરિતૃપ્ત કહે છે તેજ પૂજ્ય પરમાત્માત્મા દેવ કોઇ પણ પ્રકારે કોઇથી ગુણ જ્ઞાન વિદ્યા શક્તિ ઐશ્વર્યમાં તે કદી ઓછો નથી. એટલે કે તેજ પ્રભુ સર્વજ્ઞ સર્વશક્તિ માન કહેવાય છે. આ ઉપરોક્ત શ્રુતિ શૂત્રને મંત્રોથી પણ મેં તમો આસ્તિકોના વિશ્વાસ માટે આ પ્રમાણો આપીને આ બતાવી આપ્યુ છે કે આ સુખ અથવા આનન્દ રૂપ ગુણ કે ધર્મ માયા કે જીવાત્માઓ નો નથી પરંતુ તે અનંન્દ ગુણ તો ફક્ત ઇશ્વર અથવા પરમાત્માનોજ રહેલો છે. બીજો કોઇનો નથીજ. એ વાત હવે આ ઉપરોક્ત આટલા લાંબા પોહોળા મારા આ પ્રવચનથી મેં તમો આસ્તિક નાસ્તિકો ને આ વાત સિદ્ધ કરી આપી છે તો હવે તમે સર્વે મહાનુભાવોને આ વાત તો માલમજ થઈ ગઇ હશે કે આનન્દ અથવા સુખ ગુણ જે છે તે ફક્ત ઇશ્વર બ્રહ્મનોજ છે બીજો કોઇનો નથીજ તો હવે તમેજ કહો કે જે અમારા નાસ્તિક બન્ધુઓની અમો આસ્તિકોથી આ ફરિયાદ હતી કે ઇશ્વરના તો કોઇ પણ ગુણ કે લક્ષણ નથી માલૂમ પડના તો અમે ઇશ્વરને કેવી રીતે માનીએ તો હવે આ એમની ફરી યાદ ખોટી નિરર્થક નિવડી છે. અને અમે ઇશ્વરના એકજ ગુણથી ઇશ્વરના અસ્તિત્વની સિદ્ધી કરી આપી છે.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્ન :—ગુરુદેવ ? હવે એતો અમોને સમજાયું ને નિશ્ચય થયો કે જેનો મુખ્ય ગુણ આનંદ રહેલો છે તે આ જગતના સર્જન કર્તા ઇશ્વર સચ્ચિદાનન્દ સ્વરૂપ જરૂર છે. પણ તેને જો આ જગતના કરવામાં સ્વર્ણ કુંડલવત અભિન્નનિમિત્ત ઉપાદાન અથવા જેના વડે જે થાય તે ઉપાદાન કારણ કહેવાય એમ માની લઇએ અથવા એમ કહીએ કે તેજ પરમાત્મા જીવ અને જગતરુપે પ્રગટ થયેલા છે. તો તેમાં શું દોષ આવશે ?

ઉત્તર :—ના એવું માનવું તદ્દન ખોટું છે.

પ્રશ્ન :—કેમ ખોટું છે તે તમો સમજાવી આપો.

ઉત્તર :તમેજ વિચાર કરો કે સુવર્ણના દાગીના ત્યારેજ બને કે જ્યારે તેનો બનાવનારો સુવર્ણકાર તેને બનાવે છે તથા જે બનેલો હોય તેજ બગડે છે પણ ખરો તો આવી રીતે બ્રહ્મનું પરિણામ કે પ્રકાર જીવ જગતને માનશો તો બ્રહ્મ પરમાત્મા કે ઇશ્વર તે પરિણામી, વિકારી; પરિચ્છિન્ન જડ વ્રત, પરતંત્ર ને નાશવંત સિદ્ધ થશે. તો શું ઈશ્વરને આવો વિકારી માનવો તમોને ઇષ્ટ કે સ્વીકાર છે ? યદી નહીં તો આવી રીતે પરિણામ વાદ ને માનવું યુક્તિ યુક્ત તથા શાસ્ત્ર સંમત ન હોવાથી આવો સિદ્ધાંત પણ અમાન્યને ત્યાજ્યજ કહેવાય.

પ્રશ્ન :—ઠીકત્યોર હવે આ પ્રશ્નનો જવાબ આપો કે બ્રહ્મનો પ્રતિબિંબ માયામાં પડવાથી તે બ્રહ્મ માયા વિશિષ્ટ ઈશ્વર કહેવાય છે ને અવિદ્યા અજ્ઞાનમાં બ્રહ્મનો તેજ

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પ્રતિબિંબ પડવાથી તે ચિદાભાસ કે જીવાત્મા કહેવાય છે. અને માયા કે અવિદ્યાની ઉપાધી કલ્પિત છે. સત્યતો એક બ્રહ્મજ છે તો આવો પણ એક મત અદ્વૈત વાદમાં ચાલે છે. તો એ પણ ઠીક નથી કે ?

ઉત્તર :—જેવા નાગ નાથ તેવા સાપ નાથ એટલે કે જેવો પરિણામ વાદ ખોટો તેવો માયા વાદ પણ ખોટો છે. કેમકે વેદમાં પરમાત્માને (ॐ खं ब्रह्मः) ય. વેદમાં કહેલું છે. એટલે કે બ્રહ્મ પરમાત્મા સર્વત્ર આકાશના સમાન ને આકાશને પણ અવકાશ આપનારો સૂક્ષ્માત સૂક્ષ્મત રહેલો છે. તો જે એવો વિભૂ તત્વ છે તેનૂ પ્રતિબિંબ કેમ સંભવે કેમકે પ્રતિબિંબનો નિયમ એ હોય છે કે જાડા ચમકીલા બે દ્રશ્ય પદાર્થો સામસામા હોય ત્યારે પ્રતિબિંબ પડે છે. પરંતુ જે સૂક્ષ્મ કે અદ્રશ્ય પદાર્થો હોય તેઓના પ્રતિબિંબ કદી પડી શકતાજ નથી. જેમ વિભુ સુક્ષ્મ આકાશને વાયુનેજ આપણે લઇએ તો તમોને માલુમ પડશે કે આકાશ કે વાયરાનું પ્રતિબિંબ કોઇએ જોયેલું નથી. ને કદી જોવામાં આવી શકતું નથી. તો બ્રહ્મતો અતિ સૂક્ષ્મથી સૂક્ષ્મત કહેલું છે. જેમકે શ્રુતિ પણ કહે છે. (ह्यक्षरात्परत परः) તથા सूक्ष्मात्सूक्ष्मतरं नित्यं અને (तमशःपरस्तात्) કે તે પરમાત્મા ખરેખર અક્ષર એટલે જીવાત્મા કરતા પણ અતિ સૂક્ષ્મ છે અને માયાને જીવાત્મા જે એકથી એક સૂક્ષ્મ છે એટલે કે જે પ્રરમાણૂ છે તેમાં પણ અનેક જીવો રહી શકે છે એવા બાલના સોમાભાગ જેટલો અતિ સૂક્ષ્મ કણ તે આ જીવનો સ્વરુપ છે અને સૂર્ય પ્રકાશમા ઉડતો અતિ સૂક્ષ્મ રજ

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કણ તેનો છઠ્ઠો ભાગ તે પરમાણુંનું સ્વરૂપ કહેવાય છે તે આ સૂક્ષ્મ પરમાણું અને તેનાથી સૂક્ષ્મ જીવ છે. **बालाग्रशत भागस्य शतधा कल्पितंच यत् भागो जीव सविज्ञेयो स्वे. एषो अणुरात्मा चेतसा वेदितव्य** તેમાં પણ પરમાત્મા એ પ્રવેશ કરેલો છે. તો હવે તમે સમજીલો કે તે પરમાત્મા કેટલો સૂક્ષ્મતં હશે તો આવા પરમાત્માનો પ્રતિબિંબ માયામાં કેવી રીતે પડી શકે તે વાત સમજાતી નથી. ને બુદ્ધિમાં આવતી નથી માટે બુદ્ધિ વેદ ને શ્રૃષ્ટિ નિયમ વિરુદ્ધ હોવાથી તે કદી માનવા યોગ્ય નથી.

પ્રશ્ન :-(**आभाषएवच**) વે. દ. વેદ વ્યાસદેવજી તો વેદાંત દર્શનમાં એમ કહે છે કે જીવાત્મા આભાસ રૂપજ કે પ્રતિબિંબ રૂપજ છે અને (**अन्सो नाना व्यपदेशाच्च**) વે. દ. આ અસંખ્ય જીવોને પરમાત્માના અંશ કહેલા છે. તો શું બ્રહ્મનો પ્રતિબિંબને અંશ જીવો નથી ?

ઉત્તર :-તમોને મેં પ્રતિબિંબના વિષેતો થોડામાંજ પહેલા બતાવી આવ્યો છું કે જીવ અને ઇશ્વર બ્રહ્મના પ્રતિબિબ થઇ શકતા નથી તો પણ થોડામાં ફરી બતાવું છું કે ભાવરૂપ સ્થૂલ પદાર્થ એક પ્રકાશ વાન અને બીજો પ્રકાશહિન ચમકીલો સ્થૂલ પદાર્થ આ બે સામસામા થાય ત્યારેજ પ્રતિબિંબ થઈ શકે છે. અને એક સૂક્ષ્મ ભાવવાન અને બીજો અભાવવાન પદાર્થ હોય તો પણ પ્રતિબિંબ બને નહી. એક અદ્રશ્ય અને બીજો દ્રશ્ય પદાર્થ સામસામા હોયતો પણ પ્રતિબિબ બની શકે નહી તો આ મતવાળા કે જે બ્રહ્મને ભાવવાન માને છે અને માયાને

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવાભાવથી પણ રહિત માને છે તો શું બ્રહ્મનું પ્રતિબિંબ માયામાં માને છે તો શું એમને બ્રહ્મસ્થૂલજડને માયાને ભાવવાન માનવી સ્વીકાર છે ? અને એમજ બ્રહ્મને સ્થૂલ અને દ્રશ્ય તથા બ્રહ્મની જડતા સ્વીકાર છે અને જો યદી નહી તો આ એમનું પ્રતિબિંબા વાદનો ગઢ કિલ્લો આ યુકિત પ્રમાણથી તદ્દન ધરાશાયી થઇ જાય છે તથા હવે રહી પેલા શૂત્રવડે જીવને આભાષ કહેવાની વાત તો આ વાત પણ તમારે સમજી લેવી જોઇએ કે (આ ભાષ) શબ્દનો અર્થ કોઈ પણ સંસ્કૃતના શબ્દ કોષમાં પ્રતિબિંબ થતો નથી પણ પ્રકાશઅર્થજ થાય છે આ પૂર્વક ભાષ એટલે કે ઇષદ ભાષ કે પ્રકાશ એમ જ થાય છે એટલે કે સીમીત પ્રકાશ વાળો અથવા પોતાના એક હૃદય કક્ષ કે નેત્રમાં રહી શરીરમાં સર્વત્ર ચેતનરુપે પ્રકાશિત થાય છે તેનાથી બહાર નહી તથા હવે રહી અંશની વાત તો જીવને જ્યાં કંઈ શાસ્ત્રોમાં અંશરૂપે કહેલો છે તે ઓપચારિક કે કામ ચલાઉ ભાષા સમજવી કેમકે યદી જીવાત્માને પરમાત્માનો અંશ માનવામાં આવશે તો પછી બ્રહ્મના અંદર ખંડત્વ દોષ આવશે. જેવી રીતે કે એક પથ્થરની શિલા અને તેમાંથી તૂટેલો એક કણ કે પાણીનો એક દરિયો ને તેમાંથી ઉડેલા કણો તથા દેવતામાંથી ઉડેલો તણખો તે તેનો અંશ જે આવી રીતે આ લૌકિક ભાષામાં પ્રચલિત છે તે તેને અંશરૂપે કહે છે તેવો અંશ કંઈ આ જીવને સમજવું જોઇએ નહિ. નહીં તો બ્રહ્મમાં ખંડત્વદોષનો પરિહાર કદી થશે નહીં અને એમ માનવાથી બ્રહ્મનાશવાન સિદ્ધ થશે. માટેજ પૂજ્યપાદ જગત

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુ શ્રી શંકરાચાર્યજી મહારાજ પણ જીવને પરમાત્માનો અંશ માનતા નથી ને કહે છે કે (अन्सो इवान्सो नहि तस्य अंस) વે. દ. કારિ. એટલે કે જીવાત્મા એ પરમાનો અંશ થઇ શકે નહિ પણ અંશ જેવું તેને કહેલું છે. પણ ખરેખર તે જીવ બ્રહ્મનો અંશ નથીજ તો આ જગત ગુરૂજીનો પ્રમાણ હવે તમે સાંભળીને પણ જીવને બ્રહ્મનો અંશ કહેશો નહિ કે માનશો નહીં પણ અંશનું તાત્પર્ય એટલે માટેજ કહેલો છે કે જેવા ચૈતન્ય પરમાત્મા છે તેવોજ ચૈતન્ય અંશ જીવાત્મા કહેવાય છે. એજ તાપ્તર્ય અંશ શબ્દનો છે.

स्व मंतव्य

१ आत्म विद्या और सम्पूर्ण पदार्थ विद्या का आदी मूल कारण ईश्वर हो है एसा मै मानता हूं ।

२ चारो वेदोंको स्वंतः प्रमाण अेवं स्मृतियों को परतः प्रताण मैं मानता हूं ।

३ सभी प्रकार धर्मा धर्म के लक्षणोका निर्णय करनेमें मै सभी प्रत्यक्ष अनुमान उपमान शब्दादि को प्रमाण करता हूं अर्थाद् श्रुति स्मृति युक्ति या सृष्टिनियमको उत्तरोत्तर क्रमसे मैं मानता हूं ।

४ मैं शिषा सूत्र धारण सह सन्ध्या हवन योग तप स्वाध्याय तथा ॐ कारादि प्रभूके पवित्र नाम अेवं गायत्र्यादि मंत्र जय से चित सुद्धि । अथवा पापाचार की वृत्ति के नाश पूर्वक कल्याणकारी मांशिक और आत्मिक या ब्रह्म तेज ब्रह्म विचार तथा कल्याणकारी कर्म धर्म निष्टा का उदय

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

होना जरूर मानता हूं पर पापका छूटना छुडाना मै नही मानता ।

५ भगवान कपिल महामुनिजीकी प्राचीन वैदिक दार्प निकता जो सद् कार्यवाद अथवा जो त्रैतवाद आत्मा प्रकृति परमात्मा है सो उसे ही अज अविनाशी सनातन पुरातन सिद्धान्त मै मानता हू ।

६ परमात्मा जो ईश्वर परब्रह्म हे सेा इन्हे हो संपूर्ण चराचर जगतकी रचना व्यवस्था अेवं इसका विच्छेद भेद न्याय व्यवस्था के करने भुगानेमें मैं ईश्वरको जगतके करने में निमित्त कारण मानता हूं जो वही सर्व कर्ता सर्व शक्तिमान है और स्वयं सच्चिदानद स्वरूप निराकार सर्वव्यापक सर्वाधार है और अेक अद्वितिय मोक्ष प्रदाता है ॥

७ जीवात्मा जो अणु अर्थात् वालाग्र सतांश के समान सूक्ष्म सच्चिद्रूप स्वयं स्वकोय कार्योंका करता ज्ञाना भोक्ता एवं नैमित्तिक वद्ध मुक्त तथा ये जीव संसार में साधारण कारण है ऐसा मै मानता हूं ।

८ माया जो प्रकृमि प्रधान स्वधा आजादि नामोसे प्रसिद्ध है मै इसे केवल सत् भाव रुपा एवं विभू परमाणु भूता तथा जगत के प्रति मायाको उपादान कारण मानता हूं ।

९ ईश्वर के अभि मुख मायाका होना मात्र लोहचुंबक वत् या स्फटिक मणि रक्त पुस्पवत् उसमें ईश्वर के सर्व शक्तिमत्ता दि गुण संयोग तथा संपूर्ण जीवो के स्वभाव सिद्ध कर्ता ज्ञातामोक्ता गुणोके संचित इनतीनो के संयोग मात्रसे ही शरीर संसारकी रचना माया में होना या बनने

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विगडने की क्रियाका चक्र चालू रहना मैं मानता हूं। असल में न ईश्वर कुछ अज्ञानी कुंभारके समान कुछ करता है न माया में स्वरुप से कुछ बनता विगडता है और न जीव ही जन्मता मरता न स्वभाव से बद्ध मुक्त होता है इसीलिये हमारा वैदिक कपिल मत जो सत् कार्यवाद या त्रैत अजात्वाद प्रधान पुरुषेश्वर है इसे ही त्रैत वेदान्त के नामसे भी कहा जाता है। सोही उक्त हमारा मत है।

१० वेदोंके कर्मोपासना अेवं ज्ञान इन तीनो ही के संयोग से जीवको मोक्ष की पाप्ती होना मानता हूं ॥

११ प्राचीन काल में सभी संन्यासी शिखा सूत्र धारी होते थे तो हम उन्ही ऋषि मुनियोकी परमपरा से चले आनेवाले वेदोक्त नियमो के मानने वाले संन्यासी हैं। हमारी प्राचीन गुरु परंपरा के प्रसिद्ध आचार्य नारायण कपिल दत्त आसुरी सनकादी श्वेताश्वतर पंचशिख जड भरत लाकुलीश महर्षि हैं ये सभीशिखा सूत्रधारी संन्यासी थे।

१२ कर्म फलों में अना सक्त रहना विश्व कल्याण की कामना हृदय में हमेशा बनाये रखना एवं शास्त्रोक्त कर्तव्य कर्मोको करते कराते हुवे ही यज्ञदान विद्या तदापि के द्वारा सत्यधर्मका प्रचार करना सभी को आर्य निष्ठामें लाना येही मैं अपना कर्तव्य मानता हूं।

॥ इति ॐ शान्तिः ॥

इतिश्री स्वामी ब्रह्मानन्दजी म. आर्य त्रैत वेदान्तचार्य विरचित (नास्तिक अने आस्तिक कोण) नामक यह ग्रन्थ समाप्त ॥ ॐ ॥

—o—

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંગલકામના

જો જો ધર્મનિષ્ઠ ઈશ્વરભક્ત દયાલુ દાનેશ્વરી સદ્‌ગૃહસ્થ મહાનુભાવ હમે ધર્મગ્રન્થોં કે પ્રકાશન તથા હરિદ્વાર, પ્રયાગ, નાશિક ઉજ્જૈન એવં હમારે ઓંકાર આશ્રમ, ચાંદોદ કે અન્નક્ષેત્ર, ધર્માદા દવાખાના, હોમાત્મક યજ્ઞ ધર્મ પ્રચાર કેંપ આદિ પુન્ય કર્મો કે લિયે કુંભમેલોં પર અપને પવિત્ર અન્નધન કા હમેશા દાન દિયા કરતે હૈં ઉન સભી દાનેશ્વરી ભાઈ બહિનો સદ્‌ગૃહસ્થોંકી હમ પૂજ્ય ઈશ્વર સે મંગલ કલ્યાણ કામના કરતે હૈં પ્રભુ ઉન સભી ભક્ત પુરુષોં કી સભી સદ્‌ભાવનાએં પરિપૂર્ણ કરેં. ॥ ૐ ॥

मंगलं सर्व भक्तानां सेवका नामं च मंगलम् ।
मंगलं विश्व प्राणोनां मूयोः मूयोस्तु मंगलम् ॥ १ ॥

ભ. સ્વામી બ્રહ્માનન્દાર્ય.

તથા બ્રહ્મચારી દયાનન્દ ચૈતન્ય.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈશ્વરની આરતી

ૐ જય વિશ્વેશહરે પ્રભુ જય વિશ્વેશહરે
સચ્ચિત શુદ્ધ સનાતન (૨) વ્યાપક બ્રહ્મપરે (ૐ જય)
આત્મા પ્રકૃતિ અનાદી ઈશ્વર નિત્ય વિભૂ પ્રભુ (૨)
અખિલ લોકકે નાયક (૨) આપહિ એક પ્રભૂ (ૐ જય)
વૈદિક ધર્મ સનાતન માનવ હિતકારી પ્રભૂ (૨)
ચારો વેદ પ્રકાશક (૨) આપહો દુખ હારી (ૐ જય)
આપહી એક હમારે પ્રિય પાલન કરતા પ્રભુ (૨)
પૂજ્ય પ્રાણ સમ પ્યારે (૨) તાપત્રય હરતા (ૐ જય)
હે કરૂણામય ઈશ્વર ઐસી કૃપા કીજે પ્રભુ ઐસી (૨)
સભી દીનતા હરકર (૨) શ્રેય શાંતિ દીજે (ૐ જય)
તુમ્હે ત્યાગ પ્રભુ જો હૈં ઔરોકો ભજતે પ્રભુ (૨)
સુખીન વે સબ હોંગે (૨) જો ઈશ્વર તજતે (ૐ જય)
બ્રહ્માનંદ આર્ય પ્રભુ પૂજ્યપિતા માતા પ્રભુ (૨)
હૈં સબ આપ હમારે (૨) ઈશ્વર સુખદાતા (ૐ જય)

निवेदन

विज्ञ अेवं दयलू महानुभाव पाठकों से हमारा नम्र निवेदन है की हमे गुजराती भाषाका बराबर ज्ञान न होने से इस ग्रन्थमें बहुत गल्तियां रह गई होंगी तो हमे क्षमा करें

अेज आ० स्वा० ब्रह्मानन्दार्य

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.